₹ ૧૫/-



તપસ્યાની ગુફા

પ્રભુ અર્પણ

ઑગસ્ટ - ૨૦૨૦

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

મધુર માતાજી,

જ્યારે કોઈ અજાણી વ્યક્તિ અમને પૂછે કે શ્રી અરવિન્દ આશ્રમ શું છે? ત્યારે અમારે એને શું જવાબ આપવો જોઈએ, જે ટૂંકો અને યોગ્ય જવાબ હોય ?

આશ્રમ એ નૂતન જગતનું, આવતીકાલના સર્જનનું પ્રારંભિક ઉછેરસ્થાન છે.

અને જો તમને વધુ પ્રશ્નો પૂછવામાં આવે તો તમારે જે જવાબ આપવાનો છે તે છે : તમારે પુસ્તકો વાંચવા જોઈએ અને શ્રી અરવિન્દના દર્શનનો અભ્યાસ કરવો જોઈએ.

(CWM 16 : 323)

શ્રી અરવિન્દ આશ્રમ

આ આશ્રમનું સર્જન આ પ્રકારની બીજી સંસ્થાઓનું જે ધ્યેય હોય છે એનાથી અલગ એવા ધ્યેય માટે કરવામાં આવ્યું છે. જગતના ત્યાગ માટે નહિ; એક જુદા જ પ્રકારના તથા જુદી કક્ષાના જીવનની ઉત્ક્રાંતિની તાલીમ માટેના કેન્દ્ર તેમ જ ક્ષેત્ર તરીકે આ આશ્રમનો આવિર્ભાવ થયો છે. અને એ જીવન એની ચરિતાર્થતામાં ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતના વડે દોરાતું જીવન હશે તથા એ આત્માના મહત્તર જીવનને મૂર્ત સ્વરૂપ આપતું હશે.

શ્રી અરવિન્દ

પ્રભુ
અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઑગસ્ટ – ૨૦૨૦ વર્ષ : ૦૬ અંક : ૮

અનુક્રમ

તપસ્યાની ગુફા

પોંડિચેરી	૦૬
શ્રી અરવિન્દનું પ્રતીક	૦૯
અમુક મહત્ત્વના પત્રો	૧૨
શ્રી અરવિન્દનાં સંસ્મરણો	૧૮
શ્રી માતાજીનાં સંસ્મરણો	૨૫
નૂતન યોગ અને એના હેતુઓ	૨૮
गुरुस्तवः	૩૩

*

તંત્રી નોંધ : શ્રી અરવિન્દ અંતરાત્માના આદેશને અનુસરીને પોંડિચેરી આવ્યા હતા. પોંડિચેરી એમની તપસ્યાની ગુફા બની રહે એવું નિર્માણ થયું હતું. પોંડિચેરીમાં તેઓ માનવો અને પૃથ્વી માટે અતિમાનસ સાધનામાં લીન થયા હતા. એમના આ અસાધારણ પ્રયત્નમાં એમની સાથે શ્રી માતાજી જોડાવાનાં હતાં એ પણ નિર્મિત થયું હતું. આ અંકમાં શ્રી અરવિન્દના પોંડિચેરી આગમન તેમ જ શરૂઆતનાં વર્ષોની વિગતો રજૂ કરવામાં આવી છે.

પોંડિચેરી મારું એકાન્તનું સ્થળ છે, મારી તપસ્યાની ગુફા છે, – ત્યાગના પ્રકારની તપસ્યા નહિ; પરંતુ મારી પોતાની શોધની ખાસ મુદ્રાવાળી સાધના માટેની.

શ્રી અરવિન્દ

(શ્રી અરવિન્દ જીવન, પૃ. ૧૬૨)

પોંડિચેરી

પ્રયાણ*

૧૯૧૦ના ફેબ્રુઆરી મહિનામાં શ્રી અરવિન્દ ગુપ્તવાસ માટે ચંદ્રનગર ગયા અને એપ્રિલના આરંભમાં ફ્રેન્ચ ઈન્ડિયાના પોંડિચેરી ગામ માટે સ્ટીમરમાં નીકળ્યા. આ સમયે ''કર્મયોગી''માં એમની સહી સાથેના એક લેખને માટે એમના પર આરોપ મૂકવામાં આવ્યો; એમની ગેરહાજરીમાં પેપરના પ્રીન્ટર-છાપનાર-પર કામ ચલાવવામાં આવ્યું અને તેને સજા થઈ, પરંતુ હાઈકોર્ટમાં એ ચૂકાદા વિરૂદ્ધ અપીલ કરતાં એને નિર્દોષ ગણીને છોડી મૂકવામાં આવ્યો, આમ ત્રીજીવાર એમના વિરુદ્ધ થયેલ કેસ નિષ્ફળ ગયો. વધારે અનુકૂલ સંજોગોમાં રાજકીય ક્ષેત્રમાં પાછા આવવાના કાંઈ ઈરાદા સહિત એમણે બંગાળ છોડ્યું હતું. પરંતુ જે આધ્યાત્મિક કાર્ય તેમણે હાથ ધર્યું હતું તેની વિશાળતા થોડા જ સમયમાં તેમને દેખાવા લાગી, અને એમને એ પણ સ્પષ્ટ જણાયું કે એમની સઘળી શક્તિઓની અનન્ય એકાગ્રતાની એ કાર્યમાં જરૂર પડશે. પરિણામે તેમણે રાજકીય ક્ષેત્ર સાથેનો સંબંધ તોડી નાંખ્યો, મહાસભાના સભાપતિપદનો અનેકવાર અસ્વીકાર કર્યો અને રાજ્યકારણમાંથી ક્ષેત્રસન્યાસ સ્વીકાર્યો. પોંડિચેરીમાં એમના દીર્ઘ નિવાસ દરમ્યાન એટલે ૧૯૧૦થી.... બધોયે સમય તેઓ પોતાના આધ્યાત્મિક કાર્યમાં અને એમની સાધનામાં જ કેવળ રત રહ્યા.

આર્ય મેગેઝીન

ચાર વર્ષની મૌન સાધના પછી સને ૧૯૧૪ માં એમણે 'આર્ય' નામના એક માસિકનો આરંભ કર્યો. એમના પુસ્તકોમાંના સૌથી અગત્યનાં જે ત્યાર પછી પુસ્તકાકારે પ્રગટ થયાં છે તે, જેવાં કે ઈશોપનિષદ્, ગીતા ઉપર નિબંધો, લાઈફ ડીવાઈન-દિવ્ય જીવન, અને અન્ય અપ્રગટ ગ્રંથો જેવા કે સીન્થેસીસ ઑફ યોગ-યોગનો સમન્વય વગેરે 'આર્ય' માસિકમાં મહિને મહિને પ્રગટ થયાં હતાં. એમની યોગસાધનામાં જે આંતરજ્ઞાન એમને પ્રાપ્ત થયું હતું તેમાંનું ઘણું એ પુસ્તકોમાં પ્રગટ થયું છે. બીજાં પુસ્તકો આર્ય સંસ્કૃતિ અને જીવન પ્રણાલિકા તત્ત્વ અને એના મૂલ્ય વિશે, વેદના સત્ય અર્થઘટન વિશે, માનવસમાજની પ્રગતિ વિશે, માનવ જાતિની એકતાની શક્યતા વિશે હતાં. આ સમય દરમ્યાન એમણે ઇંગ્લાંડ તથા વડોદરામાં, તથા રાજકીય પ્રવૃત્તિ સાથે સાથે તથા પોંડિચેરીના શરૂઆતનાં વર્ષોમાં લખેલાં કાવ્યો પ્રગટ કરવાનો આરંભ પણ કર્યો. ૧૯૨૧માં સાડા છ વર્ષના અવિરત પ્રકાશન પછી 'આર્ય' માસિક બંધ થયું.

---

* શ્રી અરવિન્દનું લખાણ : ત્રીજા પુરુષમાં

આશ્રમ

શરૂઆતમાં ચાર પાંચ શિષ્યો સાથે તેઓ પોંડિચેરીમાં એકાંતમાં રહેતા હતા. ત્યાર પછી એમના આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરવા માટે વધારેને વધારે માણસો આવવા લાગ્યા. અને એમની સંખ્યા એટલી મોટી થઈ કે આધ્યાત્મિક જીવન ગાળવા માટે સઘળું છોડીને આવેલા એવા સાધકોના નિભાવ અને દોરવણી માટે એક પ્રકારનો સંઘ કે સમુદાય રચવાની ફરજ પડી. શ્રી અરવિન્દ આશ્રમ જે ખરું જોતાં એમની આજુબાજુ રચવામાં આવ્યો નથી પરંતુ ધીમે ધીમે વિકસ્યો છે તેનો પાયો આ હતો.

નૂતન યોગ

શ્રી અરવિન્દે પોતાની યોગસાધના ૧૯૦૫ માં આરંભેલી. ભારતના ભગવદ્ પ્રાપ્તિના અને આધ્યાત્મિક સાક્ષાત્કારના આજ લગીના માર્ગોમાંથી મળી આવતાં આધ્યાત્મિક અનુભૂતિનાં સારતત્ત્વોને પોતાની સાધનામાં એકઠાં કરી અસ્તિત્વના બે છેડા આત્મા અને પદાર્થ તત્ત્વ યાને અન્ન એ બે વચ્ચે એકતા કરનાર અને મેળ બેસાડનાર વધારે વિશાળ અનુભૂતિની શોધમાં તેઓ આગળ વધ્યા. યોગસાધનાના ઘણાખરા માર્ગો પરાત્પરને પામવાના ઉપાયો છે, રસ્તાઓ છે. એ માર્ગો ચેતનાને આત્મતત્ત્વ પ્રત્યે લઈ જાય છે અને અંતે સાધકને જીવનથી પરાઙ્મુખ કરે છે. શ્રી અરવિન્દનો સાધનામાર્ગ ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કરે છે તે ઊર્ધ્વ ભૂમિકાના લાભ સહિત ફરી ઊતરવા કાજે; માનવજીવનનું રૂપાંતર કરવા માટે ઊર્ધ્વ ભૂમિકામાંથી તે આત્માની જ્યોતિ, શક્તિ અને આનંદને લાવે છે. વસ્તુઓને આ દૃષ્ટિબિંદુઓથી જોતાં જડ જગતમાં માનવનું વર્તમાન અસ્તિત્વ એટલે જેના મૂળમાં અચેતના અને અજ્ઞાન આવી રહેલાં છે એવું જીવન. પરંતુ તેની અચેતનતા અને અજ્ઞાનતામાં પણ પ્રભુની હાજરી અને તેના આવિર્ભાવની શક્યતાઓ અંતર્હિત છે. આ સૃષ્ટિ, નિર્વાણ કે સ્વર્ગલોક તરફ પાછા ફરતા આત્માએ એક બાજુએ નાંખી દેવાની માયા, ભ્રમણા કે ભૂલ નથી, પરંતુ જડપદાર્થની અચેતનતામાંથી ક્રમે ક્રમે દિવ્ય ચેતના જેના વડે પ્રગટ થવાની છે એવી આત્મ-ઉત્ક્રાંતિનું સ્થળ છે. ચેતનાની ઉત્ક્રાંતિએ આજ પર્યંત પ્રાપ્ત કરેલું ઊંચામાં ઊંચું પદ મનોમય ચેતના છે; પરંતુ મન એ ઉત્ક્રાંતિની ક્રિયાની અવધિ નથી. મનથી પણ પર વિજ્ઞાન-અતિમાનસ - એટલે કે સનાતન સત્ય ચેતના આવી રહેલ છે. એ વિજ્ઞાનમય ચેતના દિવ્ય જ્ઞાનની સ્વયંપ્રાજ્ઞ અને સ્વસંચાલક (આત્મનિર્ણાયક) જ્યોતિને તથા શક્તિને સ્વભાવથી જ ધારણ કરે છે. મન એટલે સત્યની શોધ કરતું અજ્ઞાન. પરંતુ આ વિજ્ઞાનમય ચેતના તો પોતાનાં બળો અને રૂપોની લીલાને સુમેળમાં પ્રગટ કરનાર સ્વયંભૂ જ્ઞાન સ્વરૂપ હોય છે. માનવજાતિનાં સૌથી ઉચ્ચ તત્ત્વોએ પૂર્ણતાનાં જે સ્વપ્ન સેવ્યાં છે તે પૂર્ણતા વિજ્ઞાનના અતિમાનસના અવતરણથી જ આવી શકે તેમ છે. મનની ઉપર રહેલી મહત્તર દિવ્ય ચેતના પ્રત્યે ઉન્મુખ થવાથી આ જ્યોર્તિમય અને આનંદમય શક્તિ તરફ ચડવાનું, પોતાના સત્ય સ્વરૂપને શોધી કાઢવાનું, પ્રભુ સાથે નિત્ય સાયુજ્યમાં રહેવાનું તથા મન પ્રાણ તથા શરીરના રૂપાંતર માટે વિજ્ઞાનની શક્તિને ઉતારવાનું શક્ય બને છે.

આ શક્તિનો સાક્ષાત્કાર કરવો એ શ્રી અરવિન્દના યોગનો ક્રિયાત્મક હેતુ છે.

મારો યોગ ભૂતકાળના સર્વ યોગમાર્ગોને ધ્યાનમાં લે છે અને એ બધાથી પર જાય છે. વ્યક્તિ કોઈ પણ સાધનાની અનુભૂતિને આ યોગના અંગરૂપ અનુભવી શકે છે.

શ્રી અરવિન્દ

(Cent. ed. vol. 26 P.2)

The descending triangle represents Sat-Chit-Ananda.

The ascending triangle represents the aspiring answer from matter under the form of life, light and love.

The junction of both - the central square - is the perfect manifestation having at its centre the Avatar of the Supreme - the lotus.

The water - inside the square - represents the multiplicity, the creation.

શ્રી અરવિન્દનું પ્રતીક

નીચે ઊતરતો ત્રિકોણ એ સત્ ચિત્ આનંદનું પ્રતીક છે.

ઉપર ચડતો ત્રિકોણ તે જડતત્ત્વમાંથી જીવન, પ્રકાશ અને પ્રેમ રૂપે જે અભીપ્સામય પ્રત્યુત્તર પ્રગટ થાય છે તેનું પ્રતીક છે.

એ બંનેનું મિલન—વચલો ચતુષ્કોણ — તે પૂર્ણ આવિર્ભાવ છે, એના કેન્દ્રમાં પરમાત્માનો અવતાર કમળ છે.

પાણી — ચતુષ્કોણની અંદરનું — તે બહુરૂપતાનું, સૃષ્ટિનું પ્રતીક છે.

નિયમ મુજબ આ સાધનામાં કેવળ એક જ મંત્ર ઉપયોગમાં લેવાય છે અને તે છે માતાજીનું નામ અથવા મારું અને માતાજીનું નામ. હૃદયમાં એકાગ્રતા અથવા મસ્તકમાં એકાગ્રતા બન્ને થઈ શકે છે. દરેકનું પોતાનું પરિણામ હોય છે – હૃદયની એકાગ્રતા ચૈત્ય પુરુષને ખુલ્લો કરે છે અને ભક્તિ, પ્રેમ તથા માતાજી સાથે એકતા લાવે છે તથા હૃદયમાં તેમની હાજરી અને પ્રકૃતિમાં તેમના બલનું કાર્ય લાવે છે. બીજા પ્રકારમાં, મનની એકાગ્રતામાં, તે મનને આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે તથા મનથી પર રહેલી ચેતના પ્રત્યે ખુલ્લું કરે છે તથા શરીરમાંથી ચેતનાનું ઊર્ધ્વીકરણ થાય છે અને ઊર્ધ્વતર ચેતનાનું શરીરમાં અવતરણ કરે છે.

શ્રી અરવિન્દ

(SABCL 23 : 545-46)

લાલ-કમળ છે શ્રી અરવિન્દનું પુષ્પ; પરંતુ આ શતાબ્દી પૂરતું ખાસ કરીને આપણે ભૂરા રંગનું કમળ પસંદ કરીશું. એ રંગ એમની શારીરિક પ્રભાનો છે અને પૃથ્વી ઉપર પરમાત્માના આવિર્ભાવની શતાબ્દીના પ્રતીકરૂપે આપણે એ રંગ પસંદ કરીશું.

શ્રી અરવિન્દ પ્રત્યે આપણી આભારની લાગણી વ્યક્ત કરવાની સારામાં સારી રીત તેમના ઉપદેશના જીવંત પ્રતીક બની રહેવા કરતાં બીજી કોઈ નથી.

*

તેમના વિના મારું કોઈ અસ્તિત્વ નથી, મારા વિના તેમનો આવિર્ભાવ નહિ થાય.

*

જ્યારે તમે તમારા હૃદયમાં અને વિચારોમાં શ્રી અરવિન્દ અને મારા વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ નહિ કરો, જ્યારે તમે શ્રી અરવિન્દનો વિચાર કરતા હો ત્યારે મારો વિચાર કરતા હો એમ બને અને તમે જ્યારે મારો વિચાર કરતા હો ત્યારે અનિવાર્યપણે શ્રી અરવિન્દનો વિચાર કરો છો એવું બને, જ્યારે તમે એકને જુઓ ત્યારે બીજાને અનિવાર્યપણે જુઓ છો એમ થાય, જાણે **એકની એક વ્યક્તિને** જુઓ છો એમ બને, ત્યારે તમને જણાઈ આવશે કે તમે અતિમાનસ શક્તિ અને ચેતના પ્રત્યે ખુલ્લા થવાની શરૂઆત કરી છે.

CWM 13 : 32 **શ્રી માતાજી**

Our Love is an eternal Truth.

The Mother

અમારો દિવ્ય પ્રેમ, એ છે શાશ્વત સત્ય.

શ્રી માતાજી

હું જોઈ રહ્યો છું કે તમે મારું જીવનચરિત્ર લખવા માટે હઠ કરી રહ્યા છો - શું એ ખરેખર જરૂરી કે ઉપયોગી છે ખરું ? તમારો પ્રયત્ન ચોક્કસપણે નિષ્ફળ જવાનો છે કારણ કે તમે અથવા બીજું કોઈ પણ મારા જીવન વિશે કશું જ જાણતા નથી; મારું જીવન માણસો જોઈ શકે એવું સપાટી ઉપરનું નથી.

***

પરંતુ મારું જીવનચરિત્ર લખવું જ શા માટે જોઈએ ? શું એ ખરેખર જરૂરી છે? મારા મતે કોઈ પણ માણસના જીવનમાં એણે શું કાર્ય કર્યું, પોતે શું શીખ્યો, અથવા તો એની બાહ્ય પ્રતિષ્ઠા અને હોદ્દો શું છે એના પરથી એનું મૂલ્ય અંકાતું નથી. પણ એ પોતે શું છે તથા આંતરિક રીતે પોતે શું બની રહે છે એ જ વસ્તુ અગત્યની છે.

(Cent. ed. vol. 26 P.2)

અમુક મહત્ત્વના પત્રો

અંતરનિવાસી જગદ્ગુરુ

જે વસ્તુ લઈને મેં પ્રારંભ કર્યો હતો, લેલેએ મને જે આપ્યું હતું... તે માર્ગ શોધવાની અવસ્થા હતી. ત્યારે જુદી જુદી દિશાઓમાં દૃષ્ટિપાત કરી લેવાનો હતો. આપણા પ્રાચીન યોગમાર્ગમાંથી અમુકનો કિંચિત્ સ્પર્શ કરી લેવો, અમુકનું અવલોકન કરી લેવું, અમુકનું અનુસરણ કરી તેનું રહસ્ય જોઈ લેવું, અમુક યોગપદ્ધતિનો જરૂર પડે તેટલો પૂરતા પ્રમાણમાં અનુભવ લઈ લેવો અને વળી બીજી કોઈ યોગપદ્ધતિને હાથ લેવી એ પ્રકારની એ સ્થિતિ હતી.

પોંડિચેરી આવ્યા પછી આ અસ્થિર સ્થિતિ દૂર થઈ ગઈ. અંતર્યામી જગદ્ગુરુએ મને મારો માર્ગ પૂરેપૂરો બતાવ્યો. તેનું સમગ્ર તત્ત્વ (theory) યોગનાં દસ અંગમાં આવી જાય છે. છેલ્લાં દસ વરસથી પ્રભુ એ વસ્તુની મને અનુભૂતિ આપીને મારામાં એ તત્ત્વનો વિકાસ સાધી રહ્યા છે. જોકે હજી એ કાર્ય પૂર્ણ થયું નથી. હજી બેએક વર્ષ લાગશે.

*

યોગની ઊણપ

પ્રાચીન યોગની ઊણપ એ હતી કે તેમાં કેવળ મન અને બુદ્ધિનું તથા આત્માનું જ જ્ઞાન આવતું હતું, અને મનમાં જ આધ્યાત્મિકતાની અનુભૂતિ પામીને સંતોષ મનાતો હતો. પરંતુ મનુષ્યનું મન માત્ર ખંડનું જ ગ્રહણ કરી શકે છે. અનન્તને, અખંડને તે સંપૂર્ણ રીતે ગ્રહણ કરી શકતું નથી. અને જો તે ગ્રહણ કરવા ઇચ્છે તોપણ એની પાસે સાધન રૂપે માત્ર સમાધિ, મોક્ષ, નિર્વાણ ઇત્યાદિ જ છે, બીજું નહિ. એવા નિરુદ્દેશ મોક્ષને ભલે કોઈ કોઈ વ્યક્તિ પામી શકે. પણ તેનો લાભ શો? બ્રહ્મ, આત્મા, ભગવાન તો છે જ. પરંતુ ભગવાન મનુષ્ય પાસેથી શું ઇચ્છે છે? ભગવાન એ ઇચ્છે છે કે અહીં જગતમાં જ, વ્યષ્ટિમાં અને સમષ્ટિમાં તેને પોતાને મૂર્તિમંત કરવામાં આવે – to realise God in life (જીવનમાં ભગવાનનો સાક્ષાત્કાર કરાય).

પ્રાચીન યોગપ્રણાલી અધ્યાત્મ અને જીવન એ બે વચ્ચે સામંજસ્ય કે ઐક્ય સાધી શકી ન હતી. તેણે જગતને માયા અથવા એક અનિત્ય લીલા કહી ઉડાવી દીધું હતું. પરિણામ આવ્યું છે જીવનશક્તિનો હ્રાસ, ભારતની અવનતિ. ગીતામાં કહ્યું છે કે, ‘उत्सीदेयुरिमे लोकाः न कुर्यां कर्म चेदहम्’ તે પ્રમાણે ભારતના ‘इमे लोकाः’ સાચેસાચ નષ્ટપ્રાય બની ગયા છે. અમુક માણસો સંન્યાસી અને સાધુ થઈ સિદ્ધ બને, મુક્ત બને; અમુક ભક્તો પ્રેમ અને આનંદમાં તલ્લીન થઈને નાચ્યા કરે; અને બાકીનો બધો સમાજ પ્રાણહીન, બુદ્ધિહીન બનીને ઘોર તમોભાવમાં ડૂબી રહે એ ક્યા પ્રકારની અધ્યાત્મસિદ્ધિ કહેવાય?

*

મેં રાજકારણ શા માટે છોડ્યું ?

મેં રાજકારણ શા માટે છોડી દીધું? કારણ કે આપણું રાજકારણ એ ભારતની પોતાની રાજનીતિ નથી. એ પરદેશથી આયાત થયેલી વસ્તુ છે, પાશ્ચાત્ય પદ્ધતિનું માત્ર અનુકરણ છે. જોકે એની પણ આવશ્યકતા હતી. મેં પણ પશ્ચિમની પદ્ધતિએ રાજકીય કાર્ય કર્યું છે. એમ ના કર્યું હોત તો દેશ જાગૃત ન થાત, આપણને experience (અનુભવ) ન મળત અને આપણો પૂર્ણ વિકાસ (development) ન થાત. હજી પણ એની જરૂર છે. પણ હવે હિંદના બીજા પ્રાંતોમાં તેની જેટલી જરૂર છે તેટલી બંગાળમાં નથી. હવે માત્ર પડછાયાનો વિસ્તાર કરવાને બદલે મૂળ વસ્તુને જ ગ્રહણ કરવાનો સમય આવ્યો છે. આજે ભારતના આત્માને જાગૃત કરીને સઘળાં કર્મો તેને અનુરૂપ બનાવવાં જોઈએ.

*

પ્રભુ સર્વ કંઈ છે

દેહને શબ તરીકે ગણવો એ સંન્યાસના નિર્વાણ માર્ગનું વલણ છે. એવી ભાવનાનો આશ્રય લેવામાં આવે તો જીવનવ્યવહાર ચાલી ન શકે. દરેક પદાર્થમાંથી આનંદ પ્રાપ્ત થવો જોઈએ. આત્મામાં આનંદ મળે છે તેમ દેહમાં પણ મળવો જોઈએ. દેહ ચૈતન્યમય છે, ભગવાનનું રૂપ છે. જગતમાં જે કંઈ છે તેમાં ભગવાનને નીરખવાથી, 'सर्वमिदं ब्रह्म – वासुदेवः सर्वमिति' એ પ્રકારની દૃષ્ટિ સિદ્ધ થતાં વિશ્વાનંદની પ્રાપ્તિ થાય છે. શરીરમાં પણ એ જ આનંદનો તરંગ મૂર્ત રૂપે વહે છે. એવી અવસ્થા પ્રાપ્ત કરીને, આધ્યાત્મિક બ્રહ્મભાવથી પૂર્ણ થઈને જીવનના વ્યવહારો, લગ્ન, ઇત્યાદિ સઘળાં કાર્યો કરી શકાય, બધાં કર્મોમાં ભગવાનનો આનંદમય આવિર્ભાવ અનુભવી શકાય.

*

વિચાર કરવાની અશક્તિ વા અનિચ્છા

ભારતની દુર્બળતાનું મુખ્ય કારણ પરાધીનતા નથી, દારિદ્ર નથી, આધ્યાત્મિક જ્ઞાન વા ધર્મનો અભાવ નથી, પણ વિચારશક્તિનો હ્રાસ છે. જ્ઞાનની જન્મભૂમિમાં અજ્ઞાનનું જે પ્રાબલ્ય વધી રહ્યું છે, તે તેનું કારણ છે. હું ચારે બાજુ વિચાર કરવાની અશક્તિ વા અનિચ્છાનું, અથવા બુદ્ધિનું વિરોધી માનસ જોઈ રહ્યો છું...

કેટલાક છૂટાછવાયા મહાપુરુષો સિવાય હિંદના બીજા બધા સામાન્ય માણસો પ્રાકૃત મનુષ્યો જ છે. આ માણસોને ચિંતન નથી જોઈતું. તેઓ ચિંતન કરી શકતા પણ નથી.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : ૧૯૯થી ૨૦૭)

*

મારા યોગની પ્રતિષ્ઠા

મારા યોગની પ્રતિષ્ઠા હું એક વિશાળ સમર્થ સમતા ઉપર કરવા માગું છું; એવા સમતાપ્રતિષ્ઠિત મનુષ્યોના આધારમાં સર્વ વાતે પૂર્ણ, દઢ અને અચલ શક્તિ, અને એવા

શક્તિસાગરની ઉપર જ્ઞાનસૂર્યનાં રશ્મિનો વિસ્તાર, એવા આલોકમય વિસ્તારમાં અનંત પ્રેમ, આનંદ અને એકતાનો સ્થિર પ્રમોદ સ્થાપિત કરી શકાય. મારે લાખ લાખ શિષ્યો જોઈતા નથી, પોતાની શુદ્ર અહંતાથી મુક્ત એવા એકસો માણસો ભગવાનના યંત્ર (કરણ) રૂપ મળી આવે તોપણ બસ છે. અત્યારે જે ગુરુગીરી પ્રચલિત છે તેમાં મને શ્રદ્ધા નથી. હું ગુરુ થવા માગતો નથી. મારા સ્પર્શથી કે અન્ય કોઈના સ્પર્શથી માનવનો અંતરાત્મા જાગ્રત થાય, કોઈ પોતાના અંતરમાંથી પોતાના સુપ્ત દેવને પ્રગટ કરીને ભાગવત-જીવન પ્રાપ્ત કરે એટલું જ મારે જોઈએ છે. એવા માણસો જ આ દેશનો ઉદ્ધાર કરશે... (શ્રી અરવિન્દ જીવન : ૧૬૮-૧૬૯)

*

શ્રી અરવિન્દનું જીવનકાર્ય

તમારે એ સમજી લેવું જોઈએ કે મારું જીવનકાર્ય મઠો, સાધુઓ અને સંન્યાસીઓ સર્જવાનું નથી. મારું કાર્ય તો છે શક્તિશાળીઓના આત્માઓને વિશ્વલીલામાં પાછા બોલાવવાનું... કૃષ્ણ અને કાલીની લીલામાં પાછા બોલાવવાનું છે. આ છે મારું તત્ત્વદર્શન... સાધુનો આદર્શ કે સાધુત્વના કોઈપણ પ્રકાર સાથે કદાપિ જોડાવું જોઈએ નહિ. બુદ્ધના સમયથી દરેક વૈરાગી ચળવળે ભારતને નબળું બનાવ્યું છે. જીવનનો ત્યાગ એ એક વાત છે, જીવનને પોતાને જ — રાષ્ટ્રીય, વ્યક્તિગત, વિશ્વજીવનને મહાન અને વધુ દિવ્ય બનાવવું એ બીજી વાત છે. તમે એક આદર્શને દેશ ઉપર લાદો તો અન્ય આદર્શ નબળો પડે જ. શ્રેષ્ઠ આત્માઓને તમે જીવન પાસેથી છીનવી લો અને છતાં જીવન તત્ત્વને મહત્તર તેમ જ શક્તિશાળી બનાવી શકો નહિ. અહંકારનો ત્યાગ, જીવનમાં પ્રભુનો સ્વીકાર, આ યોગનો ઉપદેશ હું આપું છું. બીજા કોઈ ત્યાગનો ઉપદેશ હું આપતો નથી.

*

દિવ્યમાનવનું ઘડતર

મારું કાર્ય હાલ માનવઘડતરનું નથી. મારું કાર્ય છે : દિવ્ય માનવનું ઘડતર. મારું હાલનું તત્ત્વદર્શન છે : વિશ્વ નૂતન પ્રગતિ માટે, નૂતન ઉત્ક્રાંતિ માટે તૈયારી કરી રહ્યું છે. કોઈ પણ જાતિ, કોઈ પણ દેશ નૂતન ઉત્ક્રાંતિની આ રેખાઓને અનુસરી એને ચરિતાર્થ કરી શકે તે માનવજાતિનો અગ્રદૂત બની રહેશે. આ નૂતન ઉત્ક્રાંતિ જે વિચાર ઉપર આધારિત હશે તે વિચારને હું જે રીતે જોઈ રહ્યો છું તેનું વર્ણન મેં 'આર્ય' માં કર્યું છે. અને એને, એ વિચારને સિદ્ધહસ્ત કરવા જે યોગમાર્ગ અપનાવવાનો છે તેના વિશે પણ મેં જણાવ્યું છે.

જે લોકો સમજવા માગે છે તેમને માટે ત્યાં સંદેશ છે. એ સંદેશના ત્રણ ભાગ છે.

(૧) પ્રત્યેક વ્યક્તિ માનવ તરીકે પોતાનું પરિવર્તન ભવિષ્યની દિવ્ય માનવજાતિમાં સિદ્ધ કરે. નૂતન સત્યયુગ, જે જન્મ પામવા પ્રયત્નશીલ છે એ સત્યયુગના માનવોમાં પ્રત્યેક વ્યક્તિ પરિવર્તન પામી જાય.

(૨) આવા માનવોની જાતિ ઉત્ક્રાંત કરવી, જે માનવજાતિની દોરવણી કરે અને

(૩) આ પસંદ કરાયેલી જાતિ, આ પુરોધાઓના માર્ગદર્શન હેઠળ સમગ્ર માનવજાતિને નૂતન પથ પર વિચરણ કરવા આહ્‌વાન કરવું.

*

આર્યના વાચકના પ્રશ્નોના ઉત્તરો : ધ્યાનનો ચોક્કસ અર્થ શું ?

ધ્યાન વિશેની આપણી હિંદની કલ્પનાને વ્યક્ત કરવા અંગ્રેજીમાં બે શબ્દો વપરાય છે – meditation (મનન) અને contemplation (ચિંતન) 'મેડિટેશન' = મનન એટલે કે કોઈ એક જ વિષયનું નિરૂપણ કરતા વિચારોની એક જ હારમાળા ઉપર મનને એકાગ્ર કરવું. 'કૉન્ટેમ્પ્લેશન' એટલે કોઈ એક જ વિષય, આકૃતિ યા વિચાર ઉપર મન દ્વારા એવી રીતે ચિંતન કરવું કે જેથી એ વિષય, આકૃતિ યા વિચાર વિશેનું જ્ઞાન એકાગ્રતાની શક્તિ દ્વારા મનની અંદર કુદરતી રીતે જ ઊગી આવે. આ બંને ધ્યાનનાં સ્વરૂપો છે. તમે વિચારની, દર્શનની અથવા જ્ઞાનની ભૂમિકામાં મન દ્વારા એકાગ્રતા સાધો – એ છે ધ્યાન.

ધ્યાનનાં બીજાં રૂપો પણ છે. એક ઠેકાણે વિવેકાનંદે એવી સલાહ આપી છે કે ધ્યાનમાં તમારે તમારા વિચારોમાંથી પાછા હઠીને અલગ થઈ જવું જોઈએ. વિચારોને મનમાં જેમ આવે તેમ આવતા રહેવા દો, તમે માત્ર તેમનું અવલોકન કરતા રહો અને એ વિચારો શા શા છે તે જોયા કરો. આને તમે આત્મનિરીક્ષણમાં કરેલી એકાગ્રતા કહી શકો.

આ રીતના ધ્યાનમાંથી પછી બીજી રીતના ધ્યાનમાં પહોંચાય છે. એમ તમે વિચાર માત્રને મનમાંથી ખાલી કરી નાખો. એમ કરતાં મન એક જાગૃતિપૂર્ણ એવી નરી શૂન્યઅવસ્થા જેવું બની જાય છે. અને એવા મનમાં પછી દિવ્ય જ્ઞાન ઉદય પામે છે અને પોતાને મુદ્રિત કરી જાય છે. એ જ્ઞાનને સામાન્ય મનમાં ચાલી રહેલા ઊતરતી કોટિના વિચારોથી કશો ક્ષોભ થતો નથી. કાળા પાટિયા ઉપર સફેદ ચાકથી લખતા હોઈએ તેવી સ્પષ્ટતાથી એ જ્ઞાન આપણામાં અંકાઈ જાય છે. તમે જોશો કે ગીતા આ રીતે સર્વ મનોમય વિચારોને દૂર કરવા એ યોગની એક પદ્ધતિ છે એમ વર્ણવે છે તેમ જ એ પદ્ધતિને તે વધુ પસંદ કરતી પણ લાગે છે. આને તમે મુક્તિદાયક ધ્યાન કહી શકો છો. કેમ કે એ ધ્યાન મનને વિચાર કરવાની યાંત્રિક રીતની પ્રક્રિયાની ગુલામીમાંથી મુક્ત કરી આપે છે અને તેને એવી રીતની સ્વતંત્રતા મેળવી આપે છે કે તેમાં પછી મન પોતાની ઇચ્છા થાય ત્યારે વિચાર કરી શકે છે, પોતે કઈ રીતના વિચાર કરવા તે પસંદ કરી શકે છે, યા તો વિચારથી ઉપર ચાલી જઈને, જેમાં સત્યને નવું દર્શન પ્રાપ્ત થતું હોય છે તેવી અવસ્થામાં, આપણા તત્ત્વજ્ઞાનમાં જેને વિજ્ઞાન કહેવામાં આવે છે તેમાં પહોંચી શકે છે.

માનવ મનને માટે મેડિટેશન – મનન એ સૌથી વધુ સહેલી પ્રક્રિયા છે. પણ તો એનાં પરિણામો પણ એવાં જ અલ્પ, ઓછામાં ઓછાં હોય છે. કોન્ટેમ્પ્લેશન – ચિંતન એ વધારે અઘરી વસ્તુ છે, તો તે વધુ મોટી વસ્તુ પણ છે. આત્મનિરીક્ષણ કરવું અને વિચારની શૃંખલામાંથી મુક્ત થવું એ તો સૌથી વિશેષ અઘરી વાત છે, પણ તો એનાં પરિણામો પણ

એટલાં જ અત્યંત વિશાળ અને મહાન આવે છે. આમાંથી કઈ વસ્તુ કરવી તે માણસ પોતાના વલણ અને શક્તિ મુજબ નક્કી કરી શકે છે. ધ્યાનની સંપૂર્ણ પદ્ધતિ એ છે કે આ ત્રણે રીતોનો ઉપયોગ કરતા રહેવું, દરેક પદ્ધતિને તેના યથાસ્થાને અને તેના પોતાના હેતુને અર્થે વાપરતા રહેવું, પરંતુ આ માટે તો તમારે તમારી યોગસાધનામાં એક દઢ શ્રદ્ધા રાખવી જોઈશે, એક અવિચલ ધીરજ અને મહાન સંકલ્પબળ કેળવવાં પડશે.

*

ધ્યાન માટેના વિષયો અને વિચારો

તમારી પ્રકૃતિ સાથે તમારી જે ઉત્તમોત્તમ અભીપ્સા હોય તેની સાથે વધુમાં વધુ મેળમાં હોય તેવો વિષય કે વિચાર તમે લઈ શકો છો. પણ મારી પાસેથી તમારે જો છેવટનો જવાબ જોઈતો હોય તો હું કહીશ કે તમારા મનન યા ચિંતન માટે ઉત્તમોત્તમ વિષય તો હંમેશાં બ્રહ્મ જ છે. અને પદાર્થમાત્રમાં પ્રભુ રહેલા છે, પદાર્થ માત્ર પ્રભુમાં છે, અને પદાર્થ માત્ર પ્રભુ છે, એ રીતના વિચાર ઉપર તમારા મનને તમારે એકાગ્ર કરવું જોઈએ. આ પ્રભુ તે વ્યક્તિરૂપ પ્રભુ છે કે વ્યક્તિત્વથી પર એવા પ્રભુ છે, અથવા તો આત્મગત રીતે સર્વના એકમાત્ર આત્મા છે, એ બાબત બહુ અગત્યની નથી. આ વિચાર મને સૌથી ઉત્તમોત્તમ વિચાર દેખાયો છે; કારણ કે વિચાર માત્રમાં એ જ સૌથી ઉચ્ચમાં ઉચ્ચ વિચાર છે, જગતનાં સર્વ સત્યો એમાં આવી જાય છે, પછી ભલે તે આ જગતનાં કે પછી આ સારા યે દશ્યમાન વિશ્વથી પર રહેલું સત્ય હોય. આ અખિલ બ્રહ્મ છે – सर्वं खल्विदं ब्रह्म ।

'આર્ય'ના ત્રીજા અંકમાં 'ઈશોપનિષદ'ના પૃથક્કરણના બીજા હપ્તામાં તમે આ અખિલમાં બ્રહ્મદર્શનનું વર્ણન જોઈ શકશો અને આ વિચારને સમજવામાં એ તમને મદદરૂપ નીવડશે.

*

ધ્યાન માટે આવશ્યક શરતો : બાહ્ય અને આંતર

વાસ્તવમાં કોઈ પણ અનિવાર્ય હોય એવી બાહ્ય શરતો નથી, પરંતુ ધ્યાનના સમયે એકાંત અને નિર્જન સ્થાનમાં હોવું તથા શરીરનું શાંત, — સ્થિર રહેવું સહાયક હોય છે. કોઈ કોઈ વાર નવા સાધકને માટે લગભગ આવશ્યક હોય છે, પરંતુ સાધકે બહારની અવસ્થામાં બંધાઈ રહેવું જોઈએ નહિ. એક વખત ધ્યાન કરવાની ટેવ પડી જાય ત્યાર પછી એવી અવસ્થા બનાવી લેવી જોઈએ, જેને લઈને સર્વ પરિસ્થિતિઓમાં સૂતાં, બેઠાં, ફરતાં, એકલાં હોઈએ ત્યારે, બીજાઓ સાથે હોઈએ ત્યારે ઘોંઘાટની વચમાં, વગેરે વગેરે સર્વ અવસ્થાઓમાં ધ્યાન થઈ શકે.

સર્વથી પહેલી આવશ્યક શરત એ છે કે ધ્યાનમાં વિઘ્નો અર્થાત્ મનની દોડધામ, વિસ્મૃતિ, ઊંઘ, શરીરની કે જ્ઞાનતંતુઓની અધીરાઈ અને ચંચળતા વગેરે વગેરેનો સામનો કરવા તરફ સાધકના સંકલ્પની એકાગ્રતા હોય.

બીજી આવશ્યક અવસ્થા એ છે કે આંતરિક ચેતના (ચિત્ત)માંથી વિચારો અને ભાવાવેગો

ઊઠતા હોય છે. તેની પવિત્રતા અને શાંતિ નિરંતર વધતી જવી જોઈએ. એટલે કે ક્ષોભ ઉત્પન્ન કરનારી એ બધી પ્રક્રિયાઓ જેવી કે ક્રોધ, દુઃખ, અવસાદ, સાંસારિક ઘટનાઓ બાબતમાં ખોટી ચિંતા વગેરેથી તદ્દન અલગ થઈ જવાવું જોઈએ, માનસિક અને નૈતિક પૂર્ણતાઓ હંમેશાં એકબીજાની સાથે ઘનિષ્ઠ સંબંધ રાખે છે.

શ્રી અરવિન્દ

*

તમે A.G.[૧] અને મીરા વચ્ચે વધુ પડતું અક્કડ એવું જુદાપણું માની લેશો તો તે એક ભૂલ લેખાશે. સાધનાના સંપૂર્ણ વિકાસ માટે બંનેની અસરો જરૂરી છે. બંનેનું ભેગું કાર્ય જ માત્ર ભૌતિક સ્તરે અતિમાનસ સત્યને નીચે ઊતારી લાવે છે. A.G. પ્રકાશિત મન દ્વારા મનોમય અને પ્રાણમય સ્વરૂપ ઉપર સીધેસીધું કાર્ય કરે છે; તેઓ પુરુષ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જેમનું બળ મુખ્યત્વે પ્રકાશિત જ્ઞાનમાં રહેલું છે. (પ્રેરણા, અતિમાનસ કે આધ્યાત્મિક) તથા એ જ્ઞાનમાં કાર્ય કરતી શક્તિ. અને ચૈત્યપુરુષ આ કાર્યને ટેકો આપે છે તથા શારીરિક અને પ્રાણમય ભૂમિકાઓનું રૂપાંતર કરવામાં મદદ કરે છે. મીરા પ્રકાશિત ચૈત્ય ચેતના દ્વારા ચૈત્ય તેમ જ લાગણીશીલ પ્રાણમય સ્વરૂપ અને શારીરિક સ્વરૂપ ઉપર સીધેસીધું કાર્ય કરે છે; જ્યારે અતિમાનસ સ્વરૂપની પ્રકાશમાન પ્રેરણાઓ મીરાને જરૂરી જ્ઞાન પ્રદાન કરે છે, જેથી યોગ્ય ક્ષણે યોગ્ય દિશામાં એ કાર્ય કરી શકે. મીરાની શક્તિ દૈવીશક્તિની પ્રતિનિધિ શક્તિ છે. એ છે સીધેસીધી ચૈત્ય, પ્રાણમય, શારીરિક. અને એમનું આધ્યાત્મિક જ્ઞાન મુખ્યત્વે વ્યવહારુ પ્રકારનું હોય છે.

(Sri Aurobindo, Mother India, December 1970, P.613)

(૧) વર્ષ ૧૯૨૦ સુધી શિષ્યો શ્રી અરવિન્દના નામને સ્થાને આ સંક્ષિપ્ત રૂપનો ઉપયોગ કરતા હતા. પાછળથી શ્રી માતાજીએ જણાવ્યું હતું કે શ્રી અરવિન્દનું નામ એ જાતે જ એક મંત્ર છે.

શ્રી અરવિન્દનાં સંસ્મરણો

પોંડિચેરીમાં પહોંચ્યા પછી શ્રી અરવિંદની યોગસાધના વધારેને વધારે એકાગ્ર અને વ્યાપક તથા સઘન બનતી ગઈ. જાહેર રાજકીય પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારનો ભાગ લેવાનું એમણે છોડી દીધું. એકથી વધારે વખત પુનર્જીવિત થયેલી રાષ્ટ્રપક્ષી મહાસભાના પ્રમુખ થવાની માગણીનો અસ્વીકાર કર્યો અને પોતાની આધ્યાત્મિક પ્રવૃત્તિ સાથે સંબંધમાં ન હોય એવી કોઈ પણ બાબત પર જાહેર ઉલ્લેખ ન કરવો કે લેખ રૂપે કે પુસ્તક રૂપે કશું ન લખવું – ''આર્ય'' માસિકમાં પાછળથી જે લખ્યું તે સિવાય – એવો નિયમ કર્યો. જે ક્રાંતિકારી બળોનું સંચાલન એમણે કર્યું હતું તેમની સાથે થોડા વર્ષો સુધી ખાનગી પત્રવ્યવહાર – એક બે વ્યક્તિઓ દ્વારા – એમણે ચાલુ રાખ્યો. પરંતુ એ પણ થોડા સમય પછી એમણે મૂકી દીધો અને ત્યારપછી રાજકીય પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારનો ભાગ લેવાનું સંપૂર્ણપણે બંધ કર્યું. જેમ જેમ ભાવિ વિશેનું એમનું દર્શન સ્પષ્ટ થતું ગયું તેમ તેમ એમણે જોયું કે પોતે જે શક્તિઓ વિશે સચેતન થયા હતા તેના કાર્યને પરિણામે હિંદની આખરી સ્વતંત્રતા નિશ્ચિત છે, તથા હિંદના રાજકીય વિરોધ તથા આંતરરાષ્ટ્રીય ઘટનાઓના દબાણથી બ્રિટનને સ્વતંત્રતા આપવાની ફરજ પડશે, અને ગમે તેટલા વિરોધ તથા અનિચ્છા છતાં હિંદ એ આખરી પરિણામ પ્રત્યે ગતિ કરી રહ્યો છે. એમને એમ પણ લાગ્યું કે સશસ્ત્ર બળવો કરવાની જરૂર નહિ પડે, અને રાષ્ટ્રના મહાકાર્યને હાનિ થયા વિના ક્રાંતિ માટેની છૂપી તૈયારીને અટકાવી દઈ શકાય તેમ છે, પડતી મૂકી શકાય તેમ છે, – જોકે ક્રાંતિના જુસ્સાને કાયમ રાખવાની જરૂર છે અને એ જુસ્સો ટકી રહેશે. આમ રાજકીય ક્ષેત્રમાં પડવું એમને માટે અનિવાર્ય નહિ બને. આ બધાં કારણો ઉપરાંત, એમની સામે જે આધ્યાત્મિક કાર્ય આવીને ઊભું હતું તેની ગુરુતા એમને વધારેને વધારે સ્પષ્ટ દેખાતી ગઈ. અને એમને લાગ્યું કે એમની સઘળી શક્તિની એકાગ્રતા માગી લેનારું એ મહાકાર્ય છે. એ પ્રમાણે, જ્યારે આશ્રમ અસ્તિત્વમાં આવ્યો ત્યારે એ સંસ્થાને એમણે સર્વ પ્રકારના રાજકીય સંબંધ કે કાર્યથી મુક્ત રાખી. જ્યારે એમણે પોતે ખાસ પ્રસંગને લઈને બે વાર રાજકારણમાં ભાગ લીધો ત્યારે પણ એ જાતનું કાર્ય કેવળ અંગત સ્વરૂપનું – એમનું પોતાનું અંગત કાર્ય હતું – અને એને આશ્રમ સાથે કશો સંબંધ ન હતો. બ્રિટિશ સરકાર અને તે ઉપરાંત પણ બીજા કેટલાક લોકો શ્રી અરવિંદ સર્વ પ્રકારના રાજકીય કાર્યથી ફારેગ થયા હતા એ વાત માની શકતા નહિ અને એ લોકો એમ ધારતા હતા કે શ્રી અરવિંદ ક્રાંતિકારી પ્રવૃત્તિમાં છૂપી રીતે ભાગ લે છે અને ફ્રેન્ચ હિંદમાં સલામત રહીને નવું ક્રાંતિમંડળ ઊભું કરે છે. પરંતુ એ બધી કેવળ કલ્પના અને ગપ હતી, – એવું કશું હતું નહિ. રાજકીય પ્રવૃત્તિમાંથી એમની નિવૃત્તિ સંપૂર્ણ પ્રકારની હતી. જેમ ૧૯૧૦માં એમણે લીધેલો એકાંતવાસ સંપૂર્ણ હતો તેટલી જ એ નિવૃત્તિ પણ સંપૂર્ણ હતી.

પરંતુ આનો અર્થ, ઘણા લોકોએ જેમ માની લીધું હતું તેમ, એવો ન હતો કે જગતમાં, કે હિંદના ભાવિમાં, કોઈ પણ પ્રકારનો રસ ન રહે એવા કોઈ આધ્યાત્મિક સાક્ષાત્કારને શિખરે જઈને શ્રી અરવિંદ બેઠા હતા. એ નિવૃત્તિનો એવો અર્થ થવો અસંભવિત છે. કારણ કે એમની યોગસાધનાનો સિદ્ધાંત કેવળ પ્રભુનો સાક્ષાત્કાર કરવો તથા સંપૂર્ણ આધ્યાત્મિક ચેતના પ્રાપ્ત કરવી એટલો જ નથી. સમગ્ર જીવનને અને જગતની સર્વ પ્રવૃત્તિને એ આધ્યાત્મિક ચેતનાના ક્ષેત્ર તરીકે સ્વીકારવી તથા આધ્યાત્મિક તત્ત્વના પાયા ઉપર જીવનની રચના કરવી તથા જીવનને તેનો આધ્યાત્મિક અર્થ પ્રાપ્ત કરાવવો એ પણ એમની યોગસાધનાનો ઉદ્દેશ છે. નિવૃત્તિમાં હતા તે દરમિયાન બહારની દુનિયામાં અને હિંદમાં જે કાંઈ બની રહ્યું હતું તે બધાના ઉપર શ્રી અરવિંદ જાગ્રત અને ઝીણવટભરી નજર રાખતા હતા અને જ્યારે જ્યારે જરૂર જણાઈ ત્યારે ત્યારે સક્રિયપણે એના કાર્યમાં વચ્ચે પડતા. પરંતુ એ કાર્ય તેઓ કેવળ આધ્યાત્મિક શક્તિનો અને મૂંગા આધ્યાત્મિક કાર્યનો આશ્રય લઈને કરતા. યોગસાધનામાં જેઓ આગળ વધેલા છે તેમના અનુભવનો એક ભાગ એ છે કે જડતત્ત્વમાં જે મન, પ્રાણ અને શરીરની સામાન્ય શક્તિઓ અને ક્રિયાઓ જણાય છે તે ઉપરાંત બીજી શક્તિઓ અને બળો પણ જગતમાં રહેલાં છે, જે સક્રિય હોય છે. એ શક્તિઓ પડદા પાછળ રહીને તથા ઊર્ધ્વમાંથી કાર્ય કરતી હોય છે એ વસ્તુનો પરિચય પણ યોગીઓને થાય છે. વળી એક ક્રિયાત્મક આધ્યાત્મિક શક્તિ પણ (ઊર્ધ્વમાં) રહેલી છે જેને આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિમાં આગળ વધેલા યોગીઓ મેળવી શકે છે, પ્રાપ્ત કરી શકે છે. અલબત્ત, બધા યોગીઓ એ શક્તિ મેળવવાની અથવા તો, પ્રાપ્ત કરી હોય તો, એનો ઉપયોગ કરવાની પરવા કરતા નથી. એ દિવ્ય ક્રિયાત્મક શક્તિ જગતની બીજી કોઈ પણ શક્તિ કરતાં વધારે મહાન અને વધારે સચોટ અસરકારક છે. જેવી એ શક્તિ એમને પ્રાપ્ત થઈ એટલે શરૂઆતમાં શ્રી અરવિંદે પોતાના અંગત કાર્યના મર્યાદિત પ્રદેશમાં તેનો પ્રયોગ કર્યો. પણ પછીથી વખત જતાં જગતમાં કાર્ય કરી રહેલી શક્તિઓ ઉપર એ શક્તિનો તેઓ સતત ઉપયોગ કરતા રહ્યા છે. એ પ્રયોગનાં પરિણામોથી નિરાશ થવાનું એમને કોઈ કારણ જણાયું નથી, અથવા તો બીજા કોઈ પ્રકારના કાર્યની જરૂર એમને લાગી નથી. છતાં, બે વખત એ સૂક્ષ્મ આધ્યાત્મિક કાર્ય કરવા ઉપરાંત જાહેર ગણાય એવા પ્રકારનું કાર્ય કરવાનું એમને સલાહભર્યું લાગ્યું હતું.

*

જાહેર હસ્તક્ષેપ

પહેલો પ્રસંગ બીજા વિશ્વયુદ્ધને લગતો હતો. શરૂઆતમાં શ્રી અરવિંદ એ વિશ્વયુદ્ધ વિશે સક્રિયપણે કશું કરતા ન હતા, પરંતુ જ્યારે એમ જણાવા લાગ્યું કે હિટલર એની સામેનાં બધાં જ બળોને કચડી નાંખશે અને જગતના ઉપર નાઝીવાદનો ડંકો વાગશે ત્યારે એમણે સક્રિય ભાગ લેવા માંડ્યો. એમણે પોતે મિત્ર રાજ્યોની તરફેણમાં છે એમ જાહેર રીતે જણાવ્યું. યુદ્ધમાં મદદ કરવા માટે ફાળો ભરવાની માગણીના પ્રત્યુત્તરમાં એમણે થોડી આર્થિક મદદ પણ

કરી, અને જે લોકોએ એમની સલાહ માગી તેમને લશ્કરમાં ભરતી થવાને, અથવા તો, યુદ્ધના કાર્યમાં મદદ કરવાને પ્રોત્સાહન આપ્યું. ડંકર્કની પીછેહઠને સમયે જ્યારે દરેક માણસ ઇંગ્લેન્ડ થોડા જ સમયમાં ખતમ થઈ જશે અને હિટલરનો વિજય નક્કી છે એવી આશા રાખતો હતો તે ક્ષણથી શ્રી અરવિંદે, આધ્યાત્મિક રીતે, એ દિવ્ય શકિતને મિત્રરાજ્યોને ટેકો આપવાને તેમની પાછળ મૂકી, અને જર્મનીનો વિજયી ધસારો લગભગ તુર્ત જ અટકી ગયો અને યુદ્ધની ભરતી સામી બાજુએ થવા લાગી એ હકીકતની શ્રી અરવિંદે સંતોષપૂર્વક નોંધ લીધી. આ કામ તેમણે એટલા માટે કર્યું કે હિટલર અને નાઝીવાદની પાછળ કાળાં આસુરી બળો કાર્ય કરી રહ્યાં હતાં એવું એમણે જોયું હતું અને એ બળો સફળ થાય તો આસુરી બળના જુલમ નીચે માનવજાતિને ગુલામી અને સમુત્ક્રાંતિની ગતિની,—ખાસ કરીને માનવજાતિની આધ્યાત્મિક સમુત્ક્રાંતિની—પીછેહઠ જરૂર થાય. એને પરિણામે ફક્ત યુરોપ જ નહિ પરંતુ એશિયા, અને એશિયામાં આવેલો હિંદ પણ, ગુલામીમાં જઈ પડત. એ ગુલામી હિંદે અત્યાર સુધી સહન કરેલી કોઈ પણ ગુલામી કરતાં કેટલીયે વધારે ભયંકર નીવડત, અને એની સ્વતંત્રતા માટે જે કાર્ય થયું હતું તે બધું પાણીમાં જાત. આ કારણથી પ્રેરાઈને જ શ્રી અરવિંદે ક્રિપ્સની દરખાસ્તને જાહેર રીતે ટેકો આપ્યો હતો અને મહાસભાના નેતાઓને એનો સ્વીકાર કરવાને આગ્રહ કર્યો હતો. વિવિધ કારણોને લઈને શ્રી અરવિન્દ જાપાનના હુમલા સામે એ દિવ્ય આધ્યાતિમક શક્તિનો પ્રયોગ કર્યો ન હતો. પણ હિંદ પર હુમલો કરવાનો તથા લશ્કર લઈને લડાઈ કરવાનો અને હિંદને જીતવાનો ઇરાદો પણ જાપાનનો છે એમ જ્યારે સ્પષ્ટ થયું ત્યારે એમણે એ શક્તિનો પ્રયોગ કર્યો. લડાઈની તરફેણમાં શ્રી અરવિંદે જે કેટલાક પત્રો લખ્યા હતા તથા જેમાં હિટલરિઝમના આસુરીપણા વિશે, અને એનાં અનિવાર્ય પરિણામો વિશે પોતાના વિચારો દર્શાવ્યા હતા તે પત્રોને પોતે પ્રકટ કરવાની અનુમતિ આપી. એમણે ક્રિપ્સની દરખાસ્તને ટેકો આપ્યો તેનું કારણ એ હતું કે એનો સ્વીકાર કરવાથી હિંદ અને બ્રિટન આસુરી શક્તિઓની સામે એકત્ર થઈને સામનો કરી શકે અને ક્રિપ્સનો આપેલો ઉકેલ (દરખાસ્ત) હિંદની સ્વતંત્રતા સર કરવાના પગલા તરીકે વાપરી શકાય.

(શ્રી અરવિન્દ જીવન : ૨૬૬થી ૨૬૮)

*

શ્રી અરવિન્દની સાધના અને સાક્ષાત્કારો

શ્રી અરવિન્દે પોતાનો યોગ ૧૯૦૪માં શરૂ કર્યો. પરંતુ તે પહેલાં પણ તેમને કેટલાક આધ્યાત્મિક અનુભવો થયા હતા. આ અનુભવો 'એકાએક, અણધાર્યા અને આપમેળે જ આવેલા હતા.' દા.ત. ૧૮૯૨માં લંડનમાં ઉપનિષદ્‌ના અભ્યાસ દરમિયાન થયેલો આત્માનો અથવા સત્ સ્વરૂપનો મનોમય અનુભવ. પછીને વર્ષે હિંદમાંથી લાંબો કાળ બહાર રહ્યા પછી તેઓ જ્યારે હિંદ પાછા ફર્યા ત્યારે હિંદની ભૂમિ ઉપર તેમણે પગ મૂક્યો કે તરત જ એક વિશાળ શાંતિ તેમણે પોતાના પર ઊતરી આવતી અનુભવી હતી. આ શાંતિએ એમને ચારે

બાજુથી ઘેરી લીધા હતા અને તેમની પાસે તે કેટલાય મહિના સુધી ટકી રહી હતી. ૧૮૯૩માં જ ગાડીનો અકસ્માત થવાના એક પ્રસંગે તેમને પોતાની અંદરથી પરમાત્માનું સ્વરૂપ એકાએક પ્રગટ થતું જોવામાં આવેલું. ૧૯૦૩માં તેઓ કાશ્મીરમાં તખ્તે સુલેમાન (ટેકરી)ની એક ધાર ઉપર ફરતા હતા ત્યારે તેમને 'શૂન્ય અનંત બ્રહ્મ'નો સાક્ષાત્કાર થયો હતો. પછી બે વર્ષ બાદ નર્મદા નદીને કિનારે એક મંદિરમાં તેમને 'કાલિની પ્રત્યક્ષ હાજરી'નો અનુભવ થયેલો.

શ્રી અરવિન્દે યોગની શરૂઆત 'પ્રાણાયામના ખંતપૂર્વકના અભ્યાસ' થી ૧૯૦૪માં કરી. આ સમય દરમિયાન શ્રી અરવિન્દ સ્વામી બ્રહ્માનંદને પણ મળ્યા હતા અને 'તેમના દ્વારા ખૂબ પ્રભાવિત થયા હતા.' છતાં તેઓ કોઈ ગુરુ વિના કે કોઈની મદદ વિના જ યોગ કર્યે જતા હતા. એ મદદ ૧૯૦૮માં તેમને મહારાષ્ટ્રીયન યોગી લેલે તરફથી મળી આવી. લેલેએ તેમને મનની સંપૂર્ણ નીરવ, શાંત અવસ્થા તેમ જ ચેતનાની સ્થિરતા સ્થાપવાનો માર્ગ દર્શાવ્યો. શ્રી અરવિન્દ ત્રણ જ દિવસમાં એ મુજબ કરવામાં સફળ રહ્યા. ઘણી વખત આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે જીવનભરની સાધના જરૂરી બનતી હોય છે. આને પરિણામે શ્રી અરવિન્દને 'વિશાળ ને ટકી રહે તેવી આધ્યાત્મિક અનુભૂતિઓ થવા લાગી જેને લઈને યોગના વિશાળ માર્ગો ખુલ્લા થયા.' લેલેએ છેવટે શ્રી અરવિન્દને પોતાની જાતને સમગ્રપણે ઈશ્વરના હાથમાં મૂકી દેવાની સૂચના આપી અને ઈશ્વર જે કરાવે એ જ કરવું એમ જણાવ્યું. ત્યારપછી શ્રી અરવિન્દની સાધનાનો આ જ એક સિદ્ધાંત અને આધાર રહ્યો. બે એક મહિના બાદ શ્રી અરવિન્દ અને લેલે છૂટા પડ્યા અને ત્યારથી તે શ્રી માતાજીના પોંડિચેરી આગમન સુધી શ્રી અરવિન્દને બીજી કોઈ વ્યક્તિ પાસેથી કશી આધ્યાત્મિક મદદ મળી ન હતી.

૧૯૦૮ અને ૧૯૦૯માં તેઓ અલીપુર જેલમાં હતા ત્યારે તેઓને વાસુદેવની અનુભૂતિ થઈ હતી.

જેલમાં શ્રી અરવિન્દે મોટાભાગનો સમય ગીતા તેમ જ ઉપનિષદ્ના વાંચનમાં, ધ્યાન તથા યોગાભ્યાસમાં ગાળ્યો હતો. અદાલતમાં પણ તેઓ ધ્યાનાવસ્થામાં રહેતા અને કેસમાં તથા સાક્ષીઓમાં પૂરતું ધ્યાન આપતા નહિ. આ સમય દરમિયાન જીવન પ્રત્યેનો એમનો અભિગમ ધરમૂળથી બદલાઈ ગયો હતો. સૌ પ્રથમ તો તેઓએ યોગનો અભ્યાસ પોતાના રાજકીય કાર્ય માટે ઈશ્વરીય માર્ગદર્શન મેળવવા અને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવા શરૂ કર્યો હતો. પરંતુ હવે તો એમનું આધ્યાત્મિક જીવન અને અનુભૂતિ વૈશ્વિક કક્ષાનાં તેમ જ વિશાળ બન્યાં હતાં અને એણે જ મહત્ત્વનું સ્થાન મેળવ્યું તેમ જ એમના સમગ્ર અસ્તિત્વને આવરી લીધું.

શ્રી અરવિન્દનો યોગ તથા તેમનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ચાર મહાન સાક્ષાત્કારો ઉપર મંડાયેલાં છે. એમાંના બે સાક્ષાત્કારો શ્રી અરવિન્દ પોંડિચેરીમાં આવ્યા તે પૂર્વે જ તેમને પૂરેપૂરા સિદ્ધ થઈ ચૂકયા હતા. પ્રથમ સાક્ષાત્કાર, આપણે ઉપર જોઈ ગયા તે મુજબ ૧૯૦૮ના જાન્યુઆરીમાં વડોદરામાં મહારાષ્ટ્રીયન યોગી લેલે સાથે તેઓ ધ્યાન કરતા હતા તે વખતે થયો હતો. એ હતો સ્થલ કાલથી પર એવા શાંત બ્રહ્મનો સાક્ષાત્કાર. પરંતુ આ સાક્ષાત્કારથી 'આખું

જગત કેવળ મિથ્યા છે, અવાસ્તવિક છે' એવી જે પ્રખર લાગણી થઈ હતી તે તેમને બીજો સાક્ષાત્કાર આવી મળ્યા પછીથી ચાલી ગયેલી. એ બીજો સાક્ષાત્કાર હતો વિશ્વરૂપ ચેતનાનો, એ સાક્ષાત્કાર થતાં આખું જગત, પ્રાણી માત્ર, પ્રભુ પોતે જ છે એ પ્રકારનો અનુભવ તેમને થવા લાગ્યો. આ બનેલું અલીપુર જેલમાં. આ પછીના બીજા બે સાક્ષાત્કારોની શરૂઆત પણ તેમને અલીપુર જેલમાં જ ધ્યાન મારફતે થઈ ચૂકેલી. એ સાક્ષાત્કારો હતા પરમાત્માનો સક્રિય અને નિષ્ક્રિય એવાં બે સ્વરૂપવાળા બ્રહ્મ તરીકેનો સાક્ષાત્કાર અને અતિમનસ લગી પહોંચતી ચેતનાની ઊર્ધ્વ ભૂમિકાઓનો સાક્ષાત્કાર.

૧૯૧૨માં શ્રી અરવિન્દને ત્રીજો સાક્ષાત્કાર થયો. 'કાયમી, ટકી રહે એવો સાક્ષાત્કાર અને પરબ્રહ્મમાં પોતે સ્થિત થયા છે' એવો અનુભવ એમાં થયો.

*

મારો યોગ

હું હિંદમાં આવ્યો ત્યાર પછી મારું પોતાનું જીવન તેમ જ મારો યોગ હંમેશાં આ જગત સાથે તેમ જ અન્ય જગતો સાથે સંબંધમાં રહેલાં છે, ઇહલૌકિક અને પારલૌકિક બંને રહેલાં છે. બે માંથી માત્ર એક જ ઉપર મારો ઝોક કદી રહેલો નથી. હું ધારું છું કે માણસના રસની તમામ વસ્તુઓ આ જગતને લગતી, ઇહલૌકિક જ હોય છે અને એમાંની લગભગ તમામ મારા માનસિક ક્ષેત્રમાં આવી ગયેલી છે અને કેટલીક વસ્તુઓ તો, જેમકે રાજકારણ, તે મારા કર્મક્ષેત્રમાં પણ આવી ગઈ છે. પણ આની સાથે સાથે, જે ક્ષણે મેં હિંદની ભૂમિ ઉપર, મુંબઈમાં ઍપોલો બંદરે પગ મૂક્યો તે જ ક્ષણથી મને આધ્યાત્મિક અનુભૂતિઓ થતી રહેલી છે. પરંતુ એ અનુભૂતિઓ આ જગતથી તદ્દન અલગ રીતની નહોતી, ઊલટું એ અનુભૂતિઓનો આ જગત સાથે એક આંતરિક રીતનો તેમ જ અનંતવિધ રીતનો સંબંધ રહેલો હતો. જેમકે મને એવો અનુભવ થતો કે આ સ્થૂલ અવકાશમાં અનંતરૂપ પરમાત્મા સર્વત્ર વ્યાપી રહેલા છે, તેમ જ સર્વવ્યાપી પરમાત્મા સ્થૂલ પદાર્થોમાં તેમ જ શરીરોમાં વાસ કરી રહેલા છે. વળી આની સાથે સાથે મેં એ પણ જોયું કે હું પોતે અતિ-ભૌતિક-સૂક્ષ્મ સૃષ્ટિઓ અને ભૂમિકાઓમાં પ્રવેશ કરી રહ્યો છું અને એ પ્રવેશ દ્વારા એ સૃષ્ટિઓ અને ભૂમિકાઓમાંના પ્રભાવોને આ સ્થૂલ ભૂમિકા ઉપર — પૃથ્વી ઉપર હું લાવી રહ્યો છું તેમ જ ત્યાં અસર પાડી રહ્યો છું. એટલે પછી મને કદી એવું લાગ્યું જ નથી કે મેં જેને અસ્તિત્વના બે છેડા કહ્યા છે તે બેની વચ્ચે, તેમ જ તે બેની વચ્ચે જે કાંઈ આવી રહેલું છે તે બધાની વચ્ચે કોઈ રીતનો સંબંધ જ નથી, અથવા તો તેમની વચ્ચે સદાનો એક વિરોધ જ છે. મારે માટે બધું જ બ્રહ્મન છે અને મને દરેક સ્થળે પરમાત્મા નજરે પડે છે. દરેક માણસને આ જગતનો ઇહલૌકિક દૃષ્ટિનો ત્યાગ કરી દેવાનો તેમ જ કેવળ અન્ય લોકની પારલૌકિક દૃષ્ટિની પસંદગી કરવાનો હક્ક છે અને એ રીતની પસંદગીથી તેને જો શાંતિ મળતી હોય તો એ તેનું પરમ સદ્ભાગ્ય છે. મારી પોતાની વાત કહું તો શાંતિ મેળવવા માટે મારે આમ કરવાની જરૂર પડેલી નથી. મારા યોગમાં પણ મને મારા દર્શનમાં બંને જગતોનો

— આધ્યાત્મિક તેમ જ સ્થૂલ જગતનો — સમાવેશ કરવાની પ્રેરણા થતી મેં જોઈ છે. અને માણસોનાં હૃદયોમાં તથા પૃથ્વીના જીવનમાં મારે દિવ્ય ચેતના તથા દિવ્ય શક્તિને સ્થાપન કરવા માટે પ્રયત્ન કરવો, માત્ર અંગત મોક્ષને ખાતર જ નહિ પણ અહીં એક દિવ્ય જીવન સ્થાપન કરવા માટે મારે પ્રયત્ન કરવો એમ મને થયેલું છે.... મારા યોગમાં અન્ય સૃષ્ટિઓનો સંપૂર્ણ અનુભવ થવો, પરમાત્માની પરમ ભૂમિકાનો તેમ જ તેની અને આપણી વચ્ચે રહેલી અન્ય ભૂમિકાઓનો અનુભવ થવો તથા આપણા જીવન ઉપર તેમ જ સ્થૂલ જગત ઉપર તે બધાની જે જે શકય અસરો હોય તે અનુભવવી એ બધું અવશ્ય આવી શકે છે. પરંતુ આ યોગમાં એવું પણ જરૂર થઈ શકે કે પ્રથમ પરમ પુરુષ કિંવા ઈશ્વરના કોઈ એક જ સ્વરૂપનો, શિવનો અથવા તો જગતના અધીશ્વર રૂપ, તેમ જ આપણા તથા આપણાં કર્મોના સ્વામી એવા કૃષ્ણનો, યા તો વિશ્વરૂપ સચ્ચિદાનંદનો જ આપણે સાક્ષાત્કાર કરી લઈએ એવો આગ્રહ તમે રાખી શકો છો અને એ રીતે આ યોગનાં મૂળભૂત પરિણામોને સિદ્ધ કરી શકો છો અને તે પછી તમને જો દિવ્ય જીવનનો આદર્શ સ્વીકારવા જેવો લાગે અને આ સ્થૂલ જગત ઉપર આત્માનો વિજય સિદ્ધ થવો જોઈએ એમ તમને લાગે તો તમે એ મૂળભૂત પરિણામોમાંથી પછી સંપૂર્ણ પરિણામોને સિદ્ધ કરવા સક્રિય થઈ શકો છો. મને વિશ્વના સત્યનું તથા વસ્તુઓ અંગેનું આ રીતનું જે દર્શન તથા અનુભૂતિ થઈ એને લીધે જ હું 'ધ લાઈફ ડિવાઈન' તથા 'સાવિત્રી' લખી શક્યો છું.... (SABCL 26 : P. 147)

*

આશ્રમની રચના

શ્રી અરવિન્દ તથા શ્રી માતાજી બંનેનાં એ મતલબનાં થોડાં ઉચ્ચારણો છે જે એમ દર્શાવે છે કે તેઓ ખરેખર ગુરુ બનવા આતુર ન હતાં અને છતાં ઘટનાઓના સ્વાભાવિક ક્રમાનુસાર જ્યારે એ જવાબદારી તેઓના શિરે આવી પડી ત્યારે તેઓ બંને એને અનુરૂપ બની રહ્યાં. આશ્રમની રચનાની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું હતું. એની રચના માટે સભાનપણે કોઈ યોજના ઘડવામાં આવી ન હતી અને શરૂઆતથી જ એ પ્રકારનો ઇરાદો પણ રાખવામાં આવ્યો ન હતો. શ્રી અરવિન્દના નીચે મુજબના નિવેદન પરથી એ અંગેનો ખ્યાલ આપણને આવી જાય છે.

> *'શરૂઆતમાં આશ્રમ ન હતો, માત્ર થોડા લોકો શ્રી અરવિન્દની સમીપ રહેવા માટે તેમ જ યોગનું આચરણ કરવા માટે આવ્યા હતા. શ્રી માતાજી જ્યારે જાપાનથી પાછાં ફર્યાં ત્યારબાદ થોડા સમય પછી આશ્રમની રચના થઈ હતી, અને તે માતાજીની કે શ્રી અરવિન્દની એ માટેની ઇચ્છા હતી અથવા તો તેઓએ એ માટેની યોજના ઘડી હતી એટલે એ થઈ હતી એમ ન હતું. એ રચના થઈ હતી સાધકોની અભીપ્સાને લઈને, કે જેઓ પોતાનું સમગ્ર આંતર તેમ જ બાહ્ય જીવન માતાજીને સમર્પિત કરવા માગતા હતા'*

શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીના મનમાં ભારતીય પરંપરા પ્રમાણેના આશ્રમની

રચનાનો ખ્યાલ હતો જ નહિ. હા, તેઓ એ ઈચ્છતાં હતાં ખરા કે એક એવી આધ્યાત્મિક પ્રયોગશાળાની સ્થાપના કરવામાં આવે કે જેમાં એક નૂતન, પૂર્ણ દિવ્ય જીવનનો પ્રયોગ એટલા મોટા પાયા ઉપર થાય કે જેટલો મોટો પ્રયોગ અગાઉ કદી થયો ન હતો. જોકે અહીં પણ ઈશ્વર સાક્ષાત્કાર માટે ગુરુ તથા શિષ્યો ભેગાં મળ્યાં હતાં, જેને લઈને એ વ્યવસ્થાને 'આશ્રમ' કહી શકાય, (શ્રી અરવિન્દે એ વ્યવસ્થા માટે 'આશ્રમ' શબ્દનો સ્વીકાર થોડા હિચકાટ બાદ કર્યો હતો) તેમ છતાં એનું સ્વરૂપ મૂળભૂત રીતે જુદા પ્રકારનું હતું. **શ્રી માતાજી**

*

તે દરમિયાન, શ્રી માતાજી જાપાન અને ફ્રાંસમાંના લાંબા સમયગાળાના નિવાસ બાદ ૨૪ એપ્રિલ, ૧૯૨૦ના રોજ પોંડિચેરી પાછાં પધાર્યાં હતાં. પછી શિષ્યોની સંખ્યામાં જલ્દી વધારો થવા લાગ્યો હતો. આશ્રમનો વિકાસ જેમ થતો ગયો તેમ એના સંગઠનની જવાબદારી શ્રી માતાજીને શિરે આવી પડી. શ્રી અરવિન્દ પછી તુર્ત એકાંતવાસમાં સરી ગયા હતા અને આશ્રમની સર્વ ભૌતિક અને આધ્યાત્મિક જવાબદારી શ્રી માતાજીને શિરે આવી પડી હતી.

(CWSA 36 : 103)

*

હું જ્યારે શ્રી અરવિન્દને પ્રથમ વખત મળી, ત્યારે સૌ પ્રથમ મારા મનમાં તે જ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો. માણસે શું પ્રથમ પોતાનો યોગ કરી લઈ લક્ષ્યને પ્રાપ્ત કરી લેવું અને પછીથી બીજાઓ સાથે તે કાર્ય ઉપાડી લેવું જોઈએ કે પછી સમાન અભીપ્સાવાળા સર્વ લોકોને પોતાની પાસે તુર્તજ આવવા દઈને, બધાંએ ભેગાં મળીને લક્ષ્ય પ્રત્યે પ્રગતિ કરવી જોઈએ?

ઠીક, તેનો નિર્ણય એક માનસિક પસંદગી ન હતી; તે સ્વયંભૂ રીતે પેદા થયો હતો. સંજોગો જ એવા હતા કે પસંદગીને અવકાશ જ ન હતો. તદ્દન સ્વાભાવિક અને સ્વયંભૂ રીતે સમૂહનું નિર્માણ એવી રીતે થયું હતું કે તે એક આવશ્યક જરૂરિયાત બની ગઈ. આપણે એક વાર તે રીતે શરૂઆત કરી એટલે પછી તે રીતે જ આપણે લક્ષ્યને પ્રાપ્ત કરવાનું રહે છે.

શરૂઆતમાં માત્ર ૫-૧૦ માણસો હતા. પાંચ-છ માણસો જ લાંબા સમય સુધી રહ્યા હતા. પછી સંખ્યા વધીને ૧૦-૧૨, આશરે ૨૦, પછી ૩૦-૩૫ની થઈ ગઈ. આ સંખ્યા લાંબા સમય સુધી રહી. પછી તો સંખ્યા ઓચિંતી વધવા માંડી!

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૭૯)

*

શ્રી માતાજીનાં સંસ્મરણો

શ્રી અરવિન્દનું વાતાવરણ

લોકો એમ કહે છે, 'જ્યારે અતિમાનસ શક્તિનો આવિર્ભાવ થશે ત્યારે અમને બરાબર ખબર પડશે, એ દેખાઈ આવશે' — એવું કાંઈ નથી. ઓછી સંવેદનશીલતાવાળા જે લોકો અહીં આવી જાય છે, અગર અહીં રહે છે; તેમને જેમ અહીંનું વાતાવરણ બહારના વાતાવરણ કરતાં જુદું જ છે એવો અનુભવ થતો નથી, તેવી જ રીતે એ લોકોને પણ કંઈ અનુભવ નહિ થાય — સોગંદપૂર્વક જણાવી શકાય એવી ચોક્કસ રીતે તમારામાંથી કોને એનો અનુભવ છે?...તમે તમારા હૃદયમાં અનુભવો, તમારા મનમાં અનુભવો, પણ એ અનુભવ પૂરતો નથી. એમાં કંઈક અસ્પષ્ટતા રહે છે, નહિ? પરંતુ આ પ્રકારનો સ્પષ્ટ અનુભવ થવા માટે... દાખલા તરીકે, જેમ હું જાપાનથી આવી હતી ત્યારે બન્યું હતું તેમ. હું સમુદ્રમાં બોટ ઉપર હતી, કોઈ વસ્તુની હું ધારણા રાખતી ન હતી (અલબત્ત હું એક આંતરજીવનમાં મગ્ન હતી, પણ શારીરિક રીતે તો હું બોટ ઉપર જ રહેતી હતી) અને પછી એકદમ, એક ધક્કો લાગે તેવી રીતે, પોંડિચેરીથી લગભગ બે દરિયાઈ માઈલ દૂરથી, વાતાવરણનો પ્રકાર, હું એમ પણ કહી શકું કે વાતાવરણના અને હવાના ગુણધર્મ પણ એટલા બધા બદલાઈ ગયેલા અનુભવાવા લાગ્યા કે મને ખબર પડી ગઈ કે હું શ્રી અરવિન્દના પ્રભામંડળમાં પ્રવેશ કરી રહી છું. એ એક સ્પર્શક્ષમ અનુભૂતિ હતી અને હું ગેરંટી આપી શકું છું કે જે કોઈનામાં પૂરતા પ્રમાણમાં જાગ્રત ચેતના હશે તેને આ જ રીતનો અનુભવ થશે.

જ્યારે હું ઘણાં વર્ષો અહીં રહ્યા બાદ પહેલી જ વખત બહાર ગઈ ત્યારે આથી ઊલટો અનુભવ પણ મને થયેલો. હું જ્યારે લેઈકથી જરા આગળ ગઈ ત્યારે મને અચાનક લાગ્યું કે વાતાવરણ બદલાઈ ગયું છે — જે સભરતા, બલ, પ્રકાશ અને શક્તિ હતાં તે બધાં ઓછાં થતાં ગયાં. ઓછાં થતાં ગયાં, અને પછી... કંઈ પણ ન રહ્યું. હું કોઈ મનોમય કે પ્રાણમય ચેતનામાં ન હતી, હું તદ્દન ભૌતિક ચેતનામાં હતી. તો, જે લોકો તેમની ભૌતિક ચેતનામાં સંવેદનશીલ છે તેમને આ રીતનો અનુભવ તદ્દન સ્થૂલ રીતે થવો જોઈએ. અને હું તમને ખાતરીથી કહું છું કે જે વિસ્તારને આપણે 'આશ્રમ' કહીએ છીએ તેમાં જે જાતની સઘન શક્તિ છે તેવી ગામમાં નથી અને આસપાસના ગ્રામ્યવિસ્તારમાં તો એથી પણ ઓછી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૫૦-૨૫૧)

*

શ્રી અરવિન્દના શબ્દની શક્તિ

પોંડિચેરીમાં જ્યારે હું શ્રી અરવિન્દને પ્રથમ મળી ત્યારનો મારો અનુભવ જણાવું. હું ઊંડી એકાગ્રતામાં હતી. અતિમનસમાં વસ્તુઓને જોઈ રહી હતી. એ બધું થનાર હતું, પણ

ગમે તે કારણે પ્રગટ થતું નહોતું. મેં જે જોયું તે શ્રી અરવિન્દને જણાવ્યું અને એ પ્રગટ થશે કે નહિ તે વિશે પૂછ્યું. તેમણે માત્ર કહ્યું : ''હા''. અને તરત જ મેં જોયું કે અતિમાનસિક સત્ય પૃથ્વીને સ્પર્શી રહ્યું છે અને એ ઉપલબ્ધ થવાની તૈયારીમાં હતું! પહેલી જ વાર જે સાચું હોય તેને વાસ્તવિક કરવાની શક્તિનું મેં દર્શન કર્યું. અને એ જ શક્તિ એ સત્યને તમારામાં ઉપલબ્ધિ આણશે. અને પછી તમે હૃદયની પૂરી સચ્ચાઈથી કહેશો, ''આ જૂઠાણાને મારે કાઢ્યે જ છૂટકો છે; અને તો જવાબ તમને ''હા''માં મળી રહેશે.''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૫૫-૧૫૬)

*

શ્રી અરવિન્દના શબ્દની શક્તિ

એક નાનો પ્રસંગ જણાવું : તમને પેલા ભયંકર વાવાઝોડાની રાતનું સ્મરણ હશે. ત્યારે ભયંકર સૂસવાટા સાથે મૂશળધાર વરસાદ પડતો હતો. મેં વિચાર્યું કે શ્રી અરવિન્દના કમરામાં જઈને બારીઓ બંધ કરવામાં સહાયભૂત થાઉં. મેં બારણું ખોલ્યું. તેમને મેં શાંત ચિત્તે મેજ પર કંઈક લખતા જોયા. ઓરડામાં એટલી ઘનીભૂત શાંતિ પથરાઈ ગઈ હતી કે બહાર તોફાન મચી રહ્યું છે તેનો ખ્યાલ સરખોય ન આવે. બધી બારીઓ ખુલ્લી હતી. વરસાદનું એક ફોરુંય અંદર પડતું નહોતું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૬૯)

*

અવતારનું કાર્ય

ચેતના એક નિસરણી જેવી છે. પ્રત્યેક મહાન યુગે એક મહાન વ્યક્તિ થઈ છે; તે આ નિસરણીમાં એક વધારે પગથિયું ઉમેરવાને શક્તિશાળી બને છે. પહેલાં સામાન્ય ચેતના જ્યાં કદાપિ નહોતી ત્યાં તે પહોંચે છે. ભૌતિક ચેતનામાંથી તદ્દન બહાર નીકળીને એક ઉચ્ચ સ્તર પર જઈ શકાય છે; પણ પછી તે નિસરણીને કોઈ રાખતું નથી. જ્યારે ખરું જોતાં વિશ્વના મહાન યુગોની મહાન સિદ્ધિ તે નિસરણીમાં એક વધુ પગથિયું ઉમેરવાની શક્તિ ધરાવતી હોય છે અને છતાંય ભૌતિક જગતની સાથેનો પોતાનો સંપર્ક તે જતી નથી કરતી. તેનામાં એકી સાથે સર્વોચ્ચ ટોચે પહોંચવાની અને ટોચને તળિયાની સાથે યુક્ત કરવાની શક્તિ હોય છે, કોઈ એક શૂન્યતાની ભિન્ન ભિન્ન ભૂમિકાઓની વચ્ચેના જોડાણને કાપી નાખ્યા વગર.

આ આખાય સાક્ષાત્કારનું રહસ્ય છે ઉપર જવું અને નીચે આવવું, ટોચને તળિયાની સાથે જોડવું. અને આ જ છે અવતારનું કાર્ય. દરેક વખતે તે નિસરણીમાં તે એક વધુ પગથિયું ઉમેરે છે અને એ રીતે પૃથ્વી પર એક નવી સૃષ્ટિ જન્મે છે.... અત્યારે શ્રી અરવિન્દે જે એક નવા પગથિયાની વાત કરી છે તેને તેમણે અતિમનસ્ કહ્યું છે. આને લઈને ચેતના અતિમાનસ જગતમાં પ્રવેશી શકશે અને તેમ છતાંય તેનું વ્યક્તિગત સ્વરૂપ, તેનું વિશિષ્ટીકરણ રાખી શકશે. અને આમ અહીં એક નવીન સર્જનની સ્થાપના માટે ઊતરી આવશે. અલબત્ત, આ કંઈ અંતિમ વાત નથી, કારણ કે, સત્તાનાં દૂર દૂરનાં ક્ષિતિજો છે. પરંતુ હમણાં આપણે

અતિમનસ્ ઉતારવાનું કાર્ય કરી રહ્યાં છીએ, દુનિયાનું અસરકારક પુનર્ગઠન થાય તેમ ઇચ્છીએ છીએ, દુનિયાને ફરી પાછી એક સાચી દિવ્ય વ્યવસ્થા તરફ લઈ જવા માગીએ છીએ. અને આ કાર્યમાં જે મુખ્ય શક્તિ કે ભાવના છે, જે શક્તિ સક્રિય છે તે મહાસરસ્વતી, પૂર્ણ વ્યવસ્થાની દેવી છે.

આ જે સાતત્યની સિદ્ધિનું કાર્ય, જેને લઈને કોઈ ઉપર જઈ શકે છે અને નીચે ઊતરી શકે છે, ઉપરની વસ્તુને આ પાર્થિવમાં આણે છે, તે ચેતનાની અંદર થતું હોય છે. તેને માટે નિમિત્ત બનેલ જે અવતાર હોય છે, તેને કારાગારમાં પૂરવામાં આવે, કોઈને મળી ન શકે, બહાર કદાપિ હરીફરી ન શકે, છતાંય તે કાર્ય કરશે; કારણ કે, તે ચેતનાની અંદરનું કાર્ય હોય છે, અતિમનસ્ અને ભૌતિક સત્તાની વચ્ચેના જોડાણનું કાર્ય હોય છે. તેને માટે અભિજ્ઞતાની જરૂર નથી હોતી. આ પ્રકારના જાગ્રત જોડાણની સ્થાપના થઈ શકે તે માટેની કોઈ બાહ્ય સત્તાની જરૂર નથી હોતી. અને પછી એક વાર તે જોડાણ થયું કે તેની બાહ્ય દુનિયા પર અસર વરતાવાની, એક નવીન સર્જનનું સ્વરૂપ પ્રગટવાનું, કોઈ એક આદર્શ નગરથી શરૂ કરીને એક પૂર્ણ દુનિયા લગી વિસ્તરવાનું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૯૨-૧૯૩)

*

ફક્ત મારે માટે અતિમનસ પ્રાપ્ત કરવાનો મારો બિલકુલ ઇરાદો નથી. હું કશું મારે પોતાને માટે કરતો નથી, કારણ, મને પોતાને કશાની જરૂર નથી, નથી મોક્ષની કે નથી અતિમનસના રૂપાંતરની. હું અતિમનસના અવતરણ માટે પ્રયત્ન કરું છું તે એટલા માટે કે પાર્થિવ ચેતનાને માટે કરવાનું તે એક કામ છે. (એપ્રિલ, ૧૯૪૫)

*

મેં મારી જાતને 'અતિમાનવ' કહી છે કે નહિ તેની મને ખબર નથી. પરંતુ એ નક્કી છે કે સામાન્ય માનવ ચેતનાથી મેં ઊર્ધ્વમાં આરોહણ કરેલું છે, નહિ તો સ્થૂળ ચેતનામાં અતિમનસનું અવતરણ કરાવવાનો મને ખ્યાલ જ ન આવે. (૧૫.૯.૧૯૩૫)

(શ્રી અરવિન્દ જીવન : ૨૭૦)

*

નૂતન યોગ અને એના હેતુઓ

યોગનું આચરણ ઈશ્વર માટે જ થવું જોઈએ

આપણે જે યોગનું આચરણ કરી રહ્યાં છીએ તે આપણા એકલાના માટે જ નથી; આપણે આ યોગ કરી રહ્યાં છીએ ઈશ્વરને ખાતર. એનું ધ્યેય છે : વિશ્વમાં ઈશ્વરના સંકલ્પને લાગુ કરવો. આધ્યાત્મિક રૂપાંતર પ્રાપ્ત કરવું અને માનવજાતિના જીવનમાં, મનોમય, પ્રાણમય, શારીરિક જીવનમાં દિવ્ય જીવન અને દિવ્ય પ્રકૃતિનું અવતરણ કરાવવું. એનું ધ્યેય અંગત મુક્તિ નથી, — અલબત્ત યોગ માટે મુક્તિ એ જરૂરી અવસ્થા છે ખરી — એનું ધ્યેય છેઃ માનવસ્વરૂપની સ્વતંત્રતા અને રૂપાંતર. એનું ધ્યેય અંગત આનંદ નહિ; પરંતુ દિવ્ય આનંદનું અવતરણ કરાવવું તે છે. — પૃથ્વી ઉપર સત્યયુગનું અથવા સ્વર્ગનું સામ્રાજ્ય ઉતારી લાવવું તે છે ધ્યેય. મોક્ષની આપણે અંગત જરૂરિયાત નથી, કારણ આત્મા છે નિત્યમુક્ત અને બંધન એ જ છે ભ્રમણા. આપણે બંધાયેલાં છે એવું આપણે માનીએ છીએ, ખરેખર આપણે બંધાયેલાં નથી. ઈશ્વરનો સંકલ્પ થાય ત્યારે આપણે મુક્ત થઈ શકીએ છીએ. કારણ, ઈશ્વર, આપણું પરમ સ્વરૂપ એ છે લીલાના સ્વામી અને ઈશ્વરની કૃપા અને એમની મંજૂરી સિવાય કોઈ પણ આત્મા લીલાનો ત્યાગ કરી શકે નહિ. અજ્ઞાનના ભોગો, દ્વન્દ્વના ભોગો : હર્ષ અને શોક, સુખ અને દુઃખ, પુણ્ય અને પાપ, ભોગ અને ત્યાગ યુગોથી આપણે અનુભવી રહ્યાં છીએ તે ઘણુંખરું તો પ્રભુનો જ સંકલ્પ હોય છે. અને ઘણા દેશો યોગનો કદાપિ વિચાર પણ કરતા નથી અને પોતાની આ લીલાને સૈકાઓ સુધી ચાલુ રાખતા હોય છે. અને પ્રભુ એમની આ લીલાથી કંટાળતા પણ હોતા નથી. અને આમાં કશું ખરાબ છે પણ નહિ. એમની આ લીલામાં કશું ખરાબ નથી, એવું કશું નથી જેનો આપણે તિરસ્કાર કરવાનો હોય, જેનાથી આપણે સંકોચ અનુભવવાનો હોય — એ છે ભગવાનની લીલા. પ્રાજ્ઞ વ્યક્તિ એ છે, જે આ સત્યનો સ્વીકાર કરે છે અને આ સ્વતંત્રતાને જાણીને પ્રભુની લીલામાં ભાગ લેતી રહે છે. લીલાની પદ્ધતિઓમાં પરિવર્તન કરવા માટે પ્રભુના આદેશની રાહ તે વ્યક્તિ જોતી હોય છે. (CWSA 12 : 21)

*

આદેશ આ છે :

પ્રભુ હંમેશાં પોતાને માટે એક દેશની પસંદગી કરી રાખે છે. જે દેશમાં ઊર્ધ્વ જ્ઞાન પ્રત્યેક સંભાવનાઓ તેમ જ દરેક પ્રકારની આપત્તિ દરમિયાન પણ થોડા કે વધુ લોકો દ્વારા સાચવી રાખવામાં આવે છે. અને વર્તમાન સમયમાં, આ ચતુર્યુગમાં એ દેશ છે ભારત. પ્રભુ જ્યારે જ્યારે અજ્ઞાનનો સંપૂર્ણ આનંદ લેવા માગતા હોય છે, ટૂંકમાં કલિ (યુગ)ની લીલાનો આનંદ માણવા ઇચ્છતા હોય છે ત્યારે એ જ્ઞાનને ભારતમાં ઝાંખું પાડી દે છે અને ભારતને નબળું પાડી દઈ એનું ગૌરવ ઓછું કરી નાંખે છે જેથી ભારત શકિત પોતાની અંદર જ નિવૃત્ત થઈ જાય

છે અને પ્રભુની લીલાની આ ક્રિયામાં વચ્ચે પડતી નથી. પ્રભુ જ્યારે કીચડમાંથી ઉપર ઊઠવા માગે છે અને માનવમાં રહેલ નારાયણ ફરી એક વખત સમર્થ, દૂરંદેશી અને પરમ સુખદાયી બની રહેવા ઇચ્છે છે ત્યારે એ ફરી વાર ઊર્ધ્વ જ્ઞાન ભારતને આપે છે અને ભારતને ઉપર ઉઠાવે છે જેથી કરીને ભારત એ જ્ઞાન, એના પરિણામસ્વરૂપ સામર્થ્ય, દૂરંદેશીપણું અને પરમસુખ સહિત સમગ્ર જગતને આપે છે. જ્યારે જ્ઞાનના આ સંકોચનની ક્રિયા થાય છે ત્યારે ભારતના યોગીઓ જગતમાંથી નિવૃત્તિ લઈ પોતાની વ્યક્તિગત મુક્તિ કે આનંદ, તથા થોડા શિષ્યોની મુક્તિ માટે યોગમાર્ગનું આચરણ કરે છે; પરંતુ જ્ઞાનના વિસ્તરણની ક્રિયા ફરી જ્યારે થાય છે અને ભારતનો આત્મા પણ એ ક્રિયા સાથે વિસ્તાર પામે છે ત્યારે એ યોગીઓ ફરીથી બહાર આવે છે. જગતની અંદર રહી જગતને માટે કાર્ય કરે છે. જનક, અજાતશત્રુ અને કાર્તવીર્ય જેવા યોગીઓ ફરી એક વખત સિંહાસનો પર આરૂઢ થાય છે અને રાષ્ટ્રોનું સંચાલન કરે છે.

(પુસ્તિકા : ભારત દેશ પૃ. ૮-૯)

*

પૂર્ણ યોગ

પૂર્ણ યોગ શું છે ? એ છે ઈશ્વરના સંપૂર્ણ સાક્ષાત્કારનો માર્ગ, પૂર્ણ આત્મ સાક્ષાત્કારનો માર્ગ. એ છે આપણા અસ્તિત્વની તથા ચેતનાની કૃતાર્થતા સાધી આપતો તેમ જ સ્વભાવનું સંપૂર્ણ રૂપાંતર કરી આપતો યોગ. અને આ બધું પ્રાપ્ત કરવાનું આ જીવનમાં જ, સંપૂર્ણ પૂર્ણતા દ્વારા, બીજા કોઈ શાશ્વત પ્રદેશમાં કાયમી શાંતિ મેળવવા માટે નાસી જઈને નહિ.

આ છે ધ્યેય, એને માટેની પદ્ધતિ પણ ધ્યેય જેટલી જ સમગ્ર અને પૂર્ણ છે. કારણ કે ધ્યેયની સમગ્રતાને પદ્ધતિની સમગ્રતા સિવાય આવરી લઈ શકાતી નથી. પદ્ધતિની સમગ્રતા એટલે આપણે જેનો સાક્ષાત્કાર કરવાનો છે તેના પ્રત્યે પૂર્ણ રીતે ખુલ્લા થવું, તે તરફ જ પૂરેપૂરો ઝોક રાખવો તથા પોતાનું, સમગ્ર અસ્તિત્વનું અને સ્વભાવનું એના દરેક ભાગોમાં, રીતભાતમાં અને હિલચાલમાં નિઃશેષ સમર્પણ કરી દેવું.

આપણાં મન, હૃદય, સંકલ્પ, શરીર, બાહ્ય અને આંતરિક સ્વરૂપ આપણા સચેતન, અર્ધચેતન કે અતિચેતન સર્વ ભાગો, સર્વ કાંઈનું આ રીતે નિઃશેષ સમર્પણ થવું ઘટે. અને આ બધાંએ એ સાક્ષાત્કાર તથા રૂપાંતર પામવા માટે સાધનરૂપ બની રહેવું જોઈએ જેથી કરીને આ માનવ ચેતના અને માનવ પ્રકૃતિનું દિવ્ય ચેતના અને પ્રકૃતિમાં જે ઝળહળતું રૂપાંતર થવાનું છે તેમાં એઓ પણ ભાગીદાર બની શકે.

આ છે પૂર્ણયોગનું મહત્ત્વનું લક્ષણ. (CWSA 12 : 358)

*

એકાગ્રતાનો અભ્યાસ

તમે પૂછ્યું છે કે મનોમય શોધનું જીવન આધ્યાત્મિક અનુભૂતિમાં પરિવર્તન કરવા

માટે કેવી સાધનાનું અનુસરણ કરવું જોઈએ. સૌથી પ્રથમ જરૂરિયાત તમારી અંદર ચેતનાની એકાગ્રતા માટે કરવાની સાધના છે. સામાન્ય માનવ મન બાહ્ય સપાટી ઉપર સક્રિય બને છે અને તે આત્માને ઢાંકી દે છે. પરંતુ એક બીજી, અંદર રહેલી ચેતના છે, એક ગુપ્ત ચેતના, જે સપાટી ઉપરની ચેતનાની પાછળ આવેલી છે, જેમાં આપણે આપણા આત્મા વિશે સભાન બની શકીએ છીએ તેમ જ પ્રકૃતિના એક વિશાળ અને વધારે ઊંડા સત્ય વિશે સચેતન બનીએ છીએ, જેમાં આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ અને પ્રકૃતિની મુક્તિ અને રૂપાંતર સાધી શકીએ છીએ. સપાટી પર રહેલા મનને સ્થિર કરવા માટે અને આંતર જીવન જીવવા માટેનું એકાગ્રતાનું આ લક્ષ્ય હોય છે. આ સાચી ચેતનાના, સપાટી કરતાં જુદી ચેતનાનાં બે મુખ્ય કેન્દ્રો હોય છે, એક હૃદયમાં (શારીરિક હૃદય નહિ પરંતુ છાતીની વચ્ચે રહેલું હૃદય કેન્દ્ર) અને બીજું મસ્તકમાં રહેલું કેન્દ્ર. હૃદયની અંદરની એકાગ્રતા અંદર ખૂલે છે અને આ આંતર ખુલ્લાપણાને લઈને તથા ઊંડાણમાં જવાથી, વ્યક્તિ પોતાના આત્મા અથ વા ચૈત્યપુરુષ વિશે સભાન બને છે, અને તે વ્યક્તિની અંદર રહેલું દિવ્ય તત્ત્વ છે. આ તત્ત્વ જ્યારે બુરખામાંથી ખુલ્લું થાય છે ત્યારે અગ્રભાગે આવવાની શરૂઆત કરે છે, પ્રકૃતિ ઉપર શાસન કરે છે અને તેને સત્ય તરફ, પરમાત્મા તરફ વાળવાની, શરૂઆત કરે છે. અને તેની અંદર તથા જે ઊર્ધ્વમાં રહેલું છે તેને નીચે આવવાનો સાદ કરે છે. તે પરમાત્માની ચેતનાને લઈ આવે છે, ઉચ્ચતમ તત્ત્વ પ્રત્યે સ્વરૂપનું નિવેદન કરે છે અને આપણી ઉપર ઊર્ધ્વમાં જે મહાન બલ અને ચેતના રાહ જોઈને રહેલાં છે તેમને આપણી પ્રકૃતિમાં અવતરણ કરવાનું આમંત્રણ આપે છે. હૃદ્-કેન્દ્રમાં એકાગ્રતા કરે છે અને સાથે સાથે પોતાની જાતનું પરમાત્માને અર્પણ કરે છે તથા અંદરની ચેતનાને ખુલ્લી કરવાની અભીપ્સા, અને હૃદયમાં પ્રભુની દિવ્ય હાજરી માટેની અભીપ્સા રાખે છે. આ પ્રથમ માર્ગ છે — અને જો તે પ્રમાણે કરી શકાય તો તે નૈસર્ગિક શરૂઆત થાય; તેના પરિણામ જો એક વખત પ્રાપ્ત થાય તો બીજા કોઈ પણ માર્ગ કરતાં આ આધ્યાત્મિક માર્ગ ઘણો સહેલાઈ અને સલામતીવાળો બને છે.

પેલી બીજી રીત મસ્તકમાં એકાગ્રતા કરવાની, મનના કેન્દ્રમાં કરવાની હોય છે. તે બાહ્ય મનમાં શાંતિ ઉતારી લાવે તો આંતર મન, જે વધારે વિશાળ અને ઊંડાણમાં રહેલું છે તથા આધ્યાત્મિક અનુભૂતિને અને આધ્યાત્મિક જ્ઞાનને ગ્રહણ કરવાની વધારે શક્તિ ધરાવે છે, તેને ખુલ્લું કરે છે. પરંતુ એક વખત અહીં એકાગ્રતા કર્યા પછી માણસે નીરવ મનોમય ચેતનાને મનની ઉપર ઊર્ધ્વમાં જે વસ્તુઓ રહેલી છે તેમની તરફ તેને ખુલ્લું કરવું જોઈએ. થોડા સમય પછી માણસને લાગે છે કે પોતાની ચેતનાનું ઊર્ધ્વ ગમન થાય છે અને પછી જે ઢાંકણ તેને આ શરીરની સાથે બંધાયેલું લાગે છે તેની પર જઈને તેને મસ્તક ઉપરનું એક કેન્દ્ર પ્રાપ્ત થાય છે જ્યાં તે અનંતમાં મુક્તિ પ્રાપ્ત કરે છે. ત્યાં તે વૈશ્વિક આત્મતત્ત્વના સંપર્કમાં આવવાની શરૂઆત કરે છે, તેનામાં દિવ્ય શાંતિ, પ્રકાશ, શક્તિ, જ્ઞાન અને પરમાનંદ પ્રાપ્ત થતો જાય છે, તે વસ્તુઓ તેનામાં પ્રવેશ કરે છે અને તેમના મય બનતી જાય છે અને તેની

પ્રકૃતિમાં આ વસ્તુઓનું અવતરણ થતું જાય છે. તેમ છતાં એ યાદ રાખવું ખાસ જરૂરી છે કે ચેતનાની મસ્તકના કેન્દ્રમાં એકાગ્રતા કરવી એ તેને ઊર્ધ્વમાં રહેલા કેન્દ્રની ઉપર ચડવા માટેની ફક્ત તૈયારી રૂપે જ હોય છે; નહિ તો પછી માણસ પોતાના મનની અનુભૂતિઓમાં જ પુરાયેલો રહે છે અથવા ઊર્ધ્વમાં રહેલા સત્યનું માત્ર પ્રતિબિંબ જ તેનામાં રહે છે અને આધ્યાત્મિક પરાત્પર તત્ત્વમાં જીવન ધારણ કરવા માટે તે ચેતના ઊર્ધ્વમાં ચડતી નથી. કેટલાક માટે મનોમય એકાગ્રતા વધારે સહેલી હોય છે. બીજા કેટલાક માટે હૃદયની એકાગ્રતા વધારે સહેલી પડે છે; કેટલાક બન્ને વારાફરતી કરવા માટે શક્તિમાન હોય છે — પરંતુ હૃદયના કેન્દ્રથી શરૂઆત કરવી, જો વ્યક્તિ તે પ્રમાણે કરી શકે તો, વધારે ઇચ્છનીય છે.

*

અભ્યાસની અન્ય રીત

બીજા પ્રકારની સાધના, મનની, પ્રાણમય આત્માની કે પ્રાણની અથવા શારીરિક સ્વરૂપની પ્રકૃતિની ક્રિયાત્મકતા વિશેની છે. અહીં પ્રકૃતિને આંતર-સાક્ષાત્કારની સાથે સુમેળમાં રાખવાનો સિદ્ધાંત છે જેથી કરીને વ્યકિત બે પ્રતિકૂળ ભાગમાં વહેંચાઈ જાય નહિ. અહીં ઘણા પ્રકારની સાધનાઓ અથવા પ્રક્રિયાઓ શક્ય છે. તેમાં એકમાં વ્યક્તિએ પોતાનાં સમગ્ર કર્મો પ્રભુને અર્પણ કરવાનાં હોય છે અને તેના માટે આંતરિક માર્ગદર્શન માગવાનું હોય છે અને પોતાની પ્રકૃતિને એક દિવ્ય ઉચ્ચતર શક્તિ તેના હાથમાં લઈ લે તેવું કરવાનું છે. જો આંતર-આત્મા ખુલ્લો થાય, જો ચૈત્ય પુરુષ અગ્ર ભાગે આવે તો બહુ મુશ્કેલી રહેતી નથી — તેની સાથે એક ચૈતસિક વિવેક આવે છે, એક સતત્ સૂચન મળ્યા કરે છે, એક એવું શાસન જે અંદર રહેલી સર્વે અપૂર્ણતાઓને ખુલ્લી કરે છે અને સ્થિરતા અને ધૈર્યથી બધાને દૂર કરે છે, અને સાચી મનોમય અને પ્રાણમય ગતિઓ લાવે છે તથા શારીરિક ચેતનાની પણ ફરીથી નવીન રીતે રચના કરે છે. બીજી પદ્ધતિમાં મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપની ગતિઓમાંથી બિલકુલ અલગ થઈને ઊભા રહેવું, તે બધી વ્યક્તિમાં રહેલી સામાન્ય પ્રકૃતિનું એક ટેવ મુજબનું ઘડતર છે જે આપણી ઉપર ભૂતકાળમાં કરેલા કાર્યોનું પરિણામ છે, જે આપણા ઉપર લાદવામાં આવેલું છે. પરંતુ તે આપણા સાચા સ્વરૂપનો ભાગ નથી; જેટલા પ્રમાણમાં વ્યક્તિ આ પ્રમાણે સફળતા પ્રાપ્ત કરે અને તટસ્થ બનતી જાય, મન અને તેની પ્રક્રિયાને પોતાની જાત તરીકે જુએ નહિ તથા પ્રાણ અને તેની ક્રિયાઓને પણ પોતાની સાચી જાત તરીકે ગણે નહિ, શરીર અને તેનાં કાર્યોને પણ પોતાના તરીકે ગણે નહિ, તેટલા પ્રમાણમાં આપણે આપણી અંદર રહેલા સાચા સ્વરૂપ વિશે-આંતર મનોમય, આંતર પ્રાણમય અને આંતર શારીરિક વિશે-સભાન બનીએ છીએ અને આપણે સ્થિર, શાંત, બંધનમુક્ત અને તટસ્થ બનીએ છીએ, અને તે વસ્તુ સાચા આત્માનું ઊર્ધ્વમાંથી પ્રતિબિંબ પાડે છે. અને આપણે તેના સાચા પ્રતિનિધિ બનીએ છીએ. આવા શાંત આંતર-સ્વરૂપમાંથી જે જે વસ્તુઓનો પરિત્યાગ કરવાનો હોય છે તેમનો પરિત્યાગ થાય છે, જે વસ્તુને રાખવાની હોય છે અને રૂપાંતર કરવાનું હોય છે

તેનો સ્વીકાર થાય છે, એક પૂર્ણતા માટેનો આંતર-સંકલ્પ થાય છે અથવા પ્રકૃતિના ફેરફાર માટે જે વસ્તુ જરૂરી છે તેના માટે દરેક પગલે પરમાત્માની શક્તિને પુકાર થાય છે. તે વસ્તુ આંતરતમમાં રહેલા ચૈતસિક તત્ત્વ પ્રત્યે મન, પ્રાણ અને શરીરને ખુલ્લું કરી શકે છે અને તેનો માર્ગદર્શન આપતો પ્રભાવ, અથવા સીધેસીધું માર્ગદર્શન મળી રહે છે. ઘણા ખરા પ્રસંગોમાં આ બન્ને પદ્ધતિ એક સાથે શરૂ થઈને એક સાથે કાર્ય કરે છે અને તે બન્નેનું એકમાં મિલન થાય છે. પરંતુ વ્યક્તિ ગમે તે એક વસ્તુથી શરૂઆત કરી શકે છે, જે પદ્ધતિ તેના માટે સાહજિક અને અનુસરણ કરવામાં રહેલી હોય છે.

(યોગ વિશે પત્રો - ૨ પૃષ્ઠ ૧૯-૨૦ અને ૨૦-૨૧)

*

પ્રશ્ન : મધુર માતાજી, કોઈકે મને આ પ્રશ્ન પૂછ્યો હતો : ''જે માણસોને માનવજાતિની સેવા કરવા માટે વિશિષ્ટ શક્તિઓની ઈશ્વરીય બક્ષિસ સાંપડેલી હોય છે. દા.ત. બુદ્ધિશાળી દાક્તરો, વકીલો વિ. તેઓ જો પોતાના મોક્ષ ખાતર આપણા આશ્રમમાં આવી વસે તો માનવજાતિને માટે એ મોટું નુકસાન ન ગણાય? એવા લોકો માનવોની તેમ જ જગતની સેવા કરીને ઈશ્વરની સેવા કદાચ વધુ સારી રીતે કરી શકે!''

ઉત્તર : અહીં કોઈ પણ મોક્ષને ખાતર આવતું નથી, કારણ કે શ્રી અરવિન્દ મોક્ષમાં માનતા નથી. આપણે માટે 'મોક્ષ' એ અર્થ વગરનો શબ્દ છે. આપણે અહીં માણસોના તેમ જ પૃથ્વીના રૂપાંતરની તૈયારી કરવા માટે છીએ, કે જેથી નૂતન સર્જન સંભવી શકે અને આપણે પ્રગતિ માટે જો વ્યક્તિગત પ્રયત્ન કરીએ છીએ તો એ એટલા માટે કે આપણા કાર્યને પૂર્ણપણે સિદ્ધ કરવા માટે એ પ્રગતિ અનિવાર્યપણે આવશ્યક છે.

મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આશ્રમમાં આટલો લાંબો સમય રહ્યા પછી તમે હજુ આ રીતે વિચારો છો અને રવિવારની પ્રાર્થનાઓમાં થતી અર્થહીન વાતો પરત્વે અભિમુખ બનો છો ! (CWM : 16 : 314-15)

*

गुरुस्तवः

ॐ नमः श्रीअरविन्दाय शुद्धज्ञानैकमूर्तये ।
तत्सत्ज्योतिप्रकाशाय तस्मै श्री गुरवे नमः ।।१।।

सत्यंज्ञानंपरंज्योतिमहर्लोकनिवासिने ।
दिव्यत्वं सर्जितं भूमौ तस्मै श्री गुरवे नमः ।।२।।

श्रीमीरासहकारेण पूर्णयोगप्रवर्तिने ।
अवतारवरिष्ठाय तस्मै श्री गुरवे नमः ।।३।।

प्रभुश्रीअरविन्दश्च अदितिश्रीमीराम्बिका ।
द्विरूपी दिव्यचैतन्यं तस्मै श्री गुरवे नमः ।।४।।

'ॐ श्रीअरविन्दोमीरा' प्रेम्णा ध्यायन् जपन् सदा ।
जीवनं यातु मे नित्यं तस्मै श्री गुरवे नमः ।।५।।

शरणं देहि मे देव! मातस्त्वं वरदा भव ।
निवासस्त्वद्हृदि स्यान्मे तस्मै श्री गुरवे नमः ।।६।।

कृपापूर्णं स्मितं याचे हृदयोद्घाटनं मम ।
हृद्यग्निः ज्वलितं स्यान्मे तस्मै श्री गुरवे नमः ।।७।।

जन्मनिजन्मनि दास्यं प्रार्थये नतिपूर्वकम् ।
त्वत्सेवा चरितं मेऽस्तु तस्मै श्री गुरवे नमः ।।८।।

५–७–२० शरद जोशी
गुरुपूर्णिमा

ગુરુસ્તવન

ૐ પ્રણામ શ્રી અરવિન્દ શુદ્ધજ્ઞાનની મૂર્તિને,
તત્‌સત્‌જ્યોતિ પ્રકાશોને નમું શ્રી ગુરુદેવને. ૧

સત્યજ્ઞાનપરાજ્યોતિ મહર્લોકે વસેલ જે
પૃથ્વીપે દિવ્યતા સર્જી પ્રણામ ગુરુદેવને. ૨

પૂર્ણયોગ પ્રવર્તાવ્યો શ્રીમીરાસહકારથી,
પરમોત્તમઅવતારે નમું શ્રી ગુરુદેવને. ૩

પ્રભુશ્રીઅરવિન્દ અદિતિશ્રીમીરામ્બિકા,
દિવ્ય ચૈતન્ય બે રૂપે નમું શ્રી ગુરુદેવને. ૪

'ૐ શ્રી અરવિન્દોમીરા' ધ્યાને પ્રેમે જપુ સદા,
આયુષ્ય વીતજો એમ પ્રણમું ગુરુદેવને. ૫

શરણે રાખજો દેવ ! હે મા ! તું વરદાન દે,
સ્થાન દે હૃદયે તારા નમું શ્રી ગુરુદેવને. ૬

માગું સ્મિત કૃપાપૂર્ણ માગું હૃદયઉઘાડ,
પ્રગટે હૃદયમાં અગ્નિ પ્રણામ ગુરુદેવને. ૭

ચરણે નમીને પ્રાર્થું દાસત્વ જન્મજન્મમાં,
ચરિત્ર તારી સેવા મા ! નમું શ્રી ગુરુદેવને. ૮

૫-૭-૨૦ **શરદ જોશી**
ગુરુપૂર્ણિમા

યોગનું અમારું લક્ષ્ય

'આશ્રમ' (શ્રી અરવિન્દ આશ્રમ) એ ક્રિયાશીલ તથા ગતિશીલ શાન્તિની સઘનતા રૂપ છે; એ શાન્તિની તીવ્રતા અહીં એટલી તો છે કે જેઓ બહારના જગતમાંથી અહીં આવે છે તેઓ જાણે કોઈ બીજા જ જગતમાં આવી ગયા હોય એવું અહીં અનુભવે છે. અલબત્ત, આશ્રમમાં બીજા જ જગતનું હોય એવું કંઈક તત્ત્વ રહેલું જ છે — એ જગત તે એવું જગત જેમાં આંતર જીવન બાહ્ય જીવનનું નિયમન કરે છે; જ્યાં વ્યક્તિગત સ્વાર્થ માટે નહિ પરંતુ નિઃસ્વાર્થપણે, આદર્શની પરિપૂર્તિ માટે કાર્ય કરવામાં આવે છે. આશ્રમમાં અમે જે જીવન જીવી રહ્યાં છે તે શક્તિઓનો ક્ષય કરનારી સુખસગવડોથી જેટલું ભિન્ન છે તેટલું જ સંન્યાસીની વિરક્તતાથી પણ ભિન્ન પ્રકારનું છે; અહીં સિદ્ધાંત છે સાદગી. અને એ સાદગી એવી જેમાં વિવિધતા છે; વ્યાવસાયિક વિવિધતા, કાર્યોની પસંદગીઓના વલણોની, તેમજ ભિન્ન ભિન્ન પ્રકૃતિઓની અહીં વિવિધતા છે. પ્રત્યેક વ્યક્તિ પોતાની પસંદગી અનુસાર પોતાનું જીવન ઘડતર કરવા અહીં સ્વતંત્ર છે. શિસ્ત એકદમ ઓછામાં ઓછી રાખવામાં આવી છે; ૧૧૦થી ૧૨૦ વ્યક્તિઓ સમૂહમાં ભેગાં રહી શકે એ માટે જરૂરી તથા યોગનું અમારું જે લક્ષ્ય છે એની વિરુદ્ધની ગતિવિધિઓના ઇનકાર પૂરતી જ થોડી શિસ્ત અહીં લાદવામાં આવી છે.

શ્રી માતાજી

*

શ્રી અરવિન્દના યોગનું એકમાત્ર લક્ષ્ય છે : આંતરિક સ્વ-વિકાસ; જે વ્યક્તિ એનું અનુસરણ કરે તે આ આંતરિક સ્વ-વિકાસ દ્વારા સમય જતાં સર્વમાં 'એક' નું દર્શન કરી શકે છે અને મનોમય ચેતના કરતાં ઊર્ધ્વ એવી ચેતના — આધ્યાત્મિક અને અતિમાનસિક ચેતના—ઉત્ક્રાંત કરી શકે છે. જે ચેતના માનવપ્રકૃતિનું રૂપાંતર સિદ્ધ કરી એનું દિવ્યીકરણ કરી આપશે.

શ્રી અરવિન્દ

(CWM Vol-16, PP. 7-8, SABCL Vol-26, P-97)

(વર્ષ ૦૬ : અંક ૦૮)

RNI NO GUJGUJ/2015/60353

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.